RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત

Volume : 18
Issue : 203
Dt.: 05-04-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa



### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તિરુવલ્લામાં એક જનસભાને સંબોધિત કરી

# કોંગ્રેસ ઈચ્છે છે કે ગલ્ફ દેશો ભારતને દુશ્મન સમજે: વડાપ્રધાન મોદી

### વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વાતાવરણ બદલાયેલો છે, લોકોનો મિજાજ બદલાયેલો છે અને આખા કેરળમાં પરિવર્તનની ભાવના જોવા મળી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેરળમાં અત્યારે પૂરેપૂરો ચૂંટણીનો માહોલ જામ્યો છે. અહીંની જનતા ૯ એપ્રિલના રોજ મતદાન કરશે અને પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. ચૂંટણી રેલીઓના નારા આખા પ્રદેશમાં સંભળાઈ રહ્યા છે. શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તિરુવલ્લામાં એક જનસભાને સંબોધિત કરી હતી. અહીં તેમણે કહ્યું કે, કેરળમાં આ વખતે બદલાવ નક્કી છે અને LDF સરકારનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. તેમણે યુદ્ધ વચ્ચે નિવેદનબાજી કરવા બદલ કોંગ્રેસ અને તેના સહયોગીઓને ચેતવણી પણ આપી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આટલી મોટી સંખ્યામાં લોકોની હાજરી NDA2 પ્રત્યે જનતાના વિશ્વાસને દર્શાવે છે. તેમણે ખાસ કરીને માતાઓ અને બહેનોના સમર્થનને સ્નેહ અને વિશ્વાસનું પ્રતીક ગણાવ્યું. વડાપ્રધાને કહ્યું કે, તેમને કેરળની ચૂંટણીને નજીકથી જોવાની તક મળી છે. તેઓ પહેલા પણ આ રાજ્યમાં આવી ચૂક્યા છે, પરંતુ આ વખતે માહોલ અલગ દેખાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, વાતાવરણ બદલાયેલો છે, લોકોનો મિજાજ બદલાયેલો છે અને આખા કેરળમાં પરિવર્તનની ભાવના જોવા મળી રહી છે.

વડાપ્રધાન મોદીએ દાવો કર્યો છે કે, કેરળમાં હવે મોટું રાજકીય પરિવર્તન થવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ૯ એપ્રિલના રોજ મતદાન અને ૪ મેના રોજ પરિણામોની જાહેરાત સાથે ચિત્ર સ્પષ્ટ થઈ જશે. વડાપ્રધાને કહ્યું છે કે, LDF સરકાર માટે હવે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે અને પહેલીવાર ભાજપ અને NDAની સરકાર બનવા જઈ રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અને તેના સહયોગીઓ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું છે કે, કેટલાક નેતાઓ એવા નિવેદનો આપી રહ્યા છે, જે ખાડી દેશોમાં રહેતા ભારતીયોની સુરક્ષા માટે ખતરો બની શકે છે.

વડાપ્રધાને કહ્યું કે, લાખો ભારતીયો ખાડી દેશોમાં કામ કરે છે અને ત્યાંની સરકારો તેમને પોતાના પરિવારની જેમ માને છે. આ વિશ્વાસ ભારતના સારા સંબંધોને કારણે બન્યો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, અત્યારે એવી વાતો ન કરવી જોઈએ જેનાથી ત્યાંના લોકોમાં અવિશ્વાસ પેદા થાય. રાજનીતિ પોતાની જગ્યાએ છે, ચૂંટણી તો આવતી-જતી રહેશે, પરંતુ મારા માટે કેરળના લોકોની સુરક્ષા સૌથી મોટું કામ છે અને હું તેના માટે પ્રતિબદ્ધ છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ LDF અને UDF પર સીધો હુમલો કર્યો હતો.

તેમણે કહ્યું કે, આ પાર્ટીઓ જૂઠ ફેલાવવામાં માહિર થઈ ગઈ છે. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષે અનેક મુદ્દાઓ પર લોકોને ગેરમાર્ગે દોર્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વિપક્ષે કેરળ ફાઈલ્સ, કાશ્મીર ફાઈલ્સ અને ધુરંધર જેવી ફિલ્મોને જુઠાણું ગણાવ્યું હતું. આ સાથે જ તેમણે કહ્યું કે, હવે એ જ પાર્ટીઓ FCRA અને UCC જેવા મુદ્દાઓ પર પણ ખોટી માહિતી ફેલાવી રહી છે.

વડાપ્રધાન કેરલમમાં સબરીમલા મંદિરના વિવાદ મુદ્દે પણ વિપક્ષ પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, 'લેફ્ટ અને કોંગ્રેસ કેરલમની મહાન સંસ્કૃતિ અને આસ્થા મુદ્દે ભ્રષ્ટાચાર અને તૃષ્ટીકરણનો ખેલ રમીને સબરીમાલા તીર્થને બદનામ કરવાનો પ્રયાસ રચ્યો હતો અને હવે તેઓ માટે આ તીર્થ લૂંટનો અડ્ડો બની ગયો છે.



સબરીમાલામાં જે થયું તે એક ષડયંત્ર હતું.

LDF સરકારમાં સબરીમાલામાં ચોરી થઈ અને તેનું કનેક્શન કોંગ્રેસના ટોચના નેતાઓ સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. આ જ કારણે એલડીએફ સરકાર ચોરીની તપાસ સીબીઆઈને સોંપી રહી નથી.'


### ઊર્જા તથા ખાતરના ક્ષેત્રમાં પણ સહકાર આપવાની બાંયધરી આપી

# ભારતને વધુ ક્રુડ ઓઈલ અને ગેસ આપવાની રશિયાની ઓફર

### ૨૦૨૫ના અંત સુધીમાં રશિયાએ ભારતમાં ભારે માંગ ધરાવતા ખનિજ ખાતરનો પુરવઠો ૪૦% સુધી વધાર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયાએ ભારતને વધુ ક્રુડ ઓઈલ અને કુદરતી ગેસ પુરવઠો પૂરો પાડવાની ઓફર કરી હતી. રશિયાના નાયબ વડાપ્રધાન ડેનિસ માંતુરોવે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથે મુલાકાત કરી અને ઊર્જા તથા ખાતર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહકાર વધારવાના માર્ગો પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેમણે માંતુરોવ સાથે વેપાર, ખાતર, કનેક્ટિવિટી અને લોકો વચ્ચેના સંબંધોમાં પરસ્પર લાભદાયી સહકાર અંગે ચર્ચા કરી હતી. મોદીએ બંને દેશો દ્વારા ગત ડિસેમ્બરમાં રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની નવી દિલ્હી મુલાકાત દરમિયાન યોજાયેલા ભારત-રશિયા સમિટના પરિણામોને અમલમાં મૂકવા માટે કરવામાં આવેલા સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી.



જયશંકરે માંતુરોવ સાથેની મુલાકાત પછી જણાવ્યું કે બંને પક્ષોએ વેપાર, ઉદ્યોગ, ઊર્જા, ખાતર, કનેક્ટિવિટી અને ગતિશીલતા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે ટેકનોલોજી, નવીનતા અને મહત્વપૂર્ણ ખનિજો ક્ષેત્રોમાં નવા અવસરો પણ શોધવામાં આવ્યા છે. માંતુરોવ અને જયશંકરે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક પરિસ્થિતિઓ પર પણ ચર્ચા કરી હતી.રશિયન દૂતાવાસે જણાવ્યું કે માંતુરોવે પુષ્ટિ કરી કે રશિયન કંપનીઓ પાસે ભારતીય બજારમાં તેલ અને કુદરતી ગેસનો પુરવઠો સતત વધારવાની ક્ષમતા છે. માંતુરોવે જણાવ્યું કે ૨૦૨૫ના અંત સુધીમાં રશિયાએ ભારતમાં ભારે માંગ ધરાવતા ખનિજ ખાતરનો પુરવઠો ૪૦% સુધી વધાર્યો છે અને આ ઉત્પાદન માટે ભારતની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તૈયાર છે. બંને દેશો મળીને કાર્બામાઈડ ઉત્પાદન માટે સંયુક્ત પ્રોજેક્ટ પણ વિકસાવી રહ્યા છે. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હવાઈ હુમલાઓથી શરૂ થયેલા સંઘર્ષને કારણે હોર્મુઝની ખાડી બંધ થવાથી ભારત ઊર્જા અને ખાતર પુરવઠામાં વિક્ષેપનો સામનો કરી રહ્યું છે. માંતુરોવની ભારતીય નેતાઓ સાથેની મુલાકાત દરમિયાન તેલ અને ગેસ ક્ષેત્રમાં સહકારને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું.

# જમ્મુ-કાશ્મીર સહિત ઉત્તર ભારતમાં અનુભવાયા ભૂકંપના આંચકા

### ભૂકંપનો આંચકો તીવ્ર હોવાના કારણે દિલ્હી, પંજાબ અને જમ્મુ અને કાશ્મીર સહિત અનેક પ્રદેશોમાં જમીન ધ્રુજી ગઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. દિલ્હી ઉપરાંત કાશ્મીરના વિવિધ ભાગોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ સાથે સાથે પંજાબના પઠાણકોટમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. સૂત્રોના જણવ્યાં પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનમાં નોંધાયું છે. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ માપવામાં આવી છે. આ ભૂકંપ પૃથ્વીની સપાટીથી ૧૭૫ કિલોમીટર નીચે આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. હજી જાનહાનિના કોઈ સમાચાર પ્રકાશમાં આવ્યાં નથી.મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે દિલ્હી-એનસીઆર અને ચંદીગઢ સહિત ઉત્તર ભારતના અનેક ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. જમ્મુ અને કાશ્મીરના ઘણા ભાગોમાં પણ જમીન ધ્રુજવાથી લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર દોડી આવ્યા હતા. આજે રાત્રે ૯:૪૨ વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હોવાનું જાણવા મળ્યું છે.વિગતે વાત કરવામાં આવે તો, ભૂકંપ અફઘાનિસ્તાન-તાજિકિસ્તાન સરહદી વિસ્તારમાં આવ્યો છે. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ નોંધાઈ છે. ભૂકંપનો આંચકો તીવ્ર હોવાના કારણે દિલ્હી, પંજાબ અને જમ્મુ અને કાશ્મીર સહિત અનેક પ્રદેશોમાં જમીન ધ્રુજી ગઈ હતી. જમ્મુ અને કાશ્મીરમાં ઉધમપુર, પૂંચ અને કાશ્મીર ખીણના વિવિધ ભાગોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપની તીવ્રતા એટલી હતી કે લોકો ગભરાઈ ગયા અને સલામત સ્થળોએ દોડી ગયા હતાં. હાલમાં કોઈ મોટા નુકસાન કે જાનહાનિના અહેવાલ મળ્યા નથી, પરંતુ વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

### ૬ જણાએ આંખોની રોશની ગુમાવી

# બિહારના મોતિહારીમાં ઝેરી દારૂથી પાંચ વ્યક્તિનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મોતિહારી

બિહારના મોતિહારીમાં ઝેરી દારૂએ ફરી એકવાર અનેક પરિવારોમાં માતમ પ્રસરાવી દીધો છે. રઘુનાથપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બાલગંગા ગામમાં સર્જાયેલી દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થયાં છે, જ્યારે ૧૫ લોકો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. સૌથી ભયાનક બાબત એ છે કે દારૂ પીનારા ૬ થી ૭ લોકોની આંખોની રોશની સંપૂર્ણપણે જતી રહી છે.પ્રાથમિક માહિતી મુજબ બુધવારે સાંજે બાલગંગા અને આસપાસના વિસ્તારોમાં લોકોએ દારૂનું સેવન કર્યુ હતું. ગુરુવારે પ્રમોદ યાદવના મોત બાદ મામલો શંકાસ્પદ જણાયો હતો, પરંતુ શુક્રવારે સવારે સારવાર દરમિયાન પરીક્ષણ માંઝી (૪૬ વર્ષ) અને હીરાલાલ મહતોએ દમ તોડ્યો હતો. અન્ય એક વ્યક્તિનું મૃત્યુ પણ શંકાસ્પદ સંજોગોમાં થયું હતું.

આશંકા છે કે આશરે ૩૦ થી ૪૦ લોકોએ આ ઝેરી જથ્થાનું સેવન કર્યુ છે, જેથી મૃત્યુઆંક વધી શકે છે. લક્ષ્મીપુર ગદરિયાના રાજેન્દ્ર કુમારે જણાવતા કહ્યું કે, દારૂ પીધાના માત્ર અડધા કલાકમાં જ તેમની આંખો સામે અંધારું છવાઈ ગયું હતું. સરકારી હોસ્પિટલના ડો. અનૂપ ગૌતમે પુષ્ટિ કરી છે કે હોસ્પિટલ પહોંચેલા મોટાભાગના દર્દીઓમાં આંખોની રોશની પ્રભાવિત થવાના લક્ષણો જોવા મળ્યા છે.આ લઠ્ઠાકાંડને પગલે પોલીસે મૃતક પ્રમોદ યાદવના પરિવારની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધ્યો છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને મુખ્ય કાવતરાખોર નાગા રાયની અટકાયત કરી છે. આ સાથે અન્ય ૬ શંકાસ્પદ લોકોની ધરપકડ કરવામાં આવી છે. એટલું જ નહીં, પરસૌના પંચાયતના ચોકીદાર ભરત રાયને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# મધ્યપ્રદેશના અનૂપપુરમાં ૪ માળની હોટલ ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્યપ્રદેશના અનૂપપુર જિલ્લામાં એક મોટી દુર્ઘટના બની છે, જ્યાં કોતમા વિસ્તારમાં આવેલી એક ચાર માળની હોટલ અચાનક ધરાશાયી થઈ ગઈ છે. આ ભયાનક દુર્ઘટનામાં હોટલની આખી ઈમારત પત્તાના મહેલની જેમ તૂટી પડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં કાટમાળ નીચે દટાવાને કારણે અત્યાર સુધીમાં એક વ્યક્તિનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. ઘટનાની જાણ થતા જ પોલીસ અને વહીવટીતંત્રનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને રાહત-બચાવ કાર્ય તેજ ગતિએ શરૂ કરી દેવામાં આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, કાટમાળ નીચે હજુ પણ ૬ થી ૭ જેટલા લોકો દબાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેમને સુરક્ષિત બહાર કાઢવા માટે જેસીબી અને અન્ય મશીનોની મદદ લેવામાં આવી રહી છે. રાહત કામગીરીમાં ૧૦૦થી વધુ લોકો જોડાયા છે. કાટમાળ હટાવીને લોકોને બહાર કાઢવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં એક મહિલાને સુરક્ષિત બહાર કાઢવામાં આવી છે. આ દુર્ઘટના કોતમા બસ સ્ટેન્ડ નજીક સ્થિત 'અગ્રવાલ લોજ'માં બની હોવાનું જાણવા મળ્યું છે. આ બિલ્ડિંગ ૧૦ વર્ષ જૂની હતી અને તેની બાજુમાં નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. આ દુર્ઘટનાના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી છે. હાલમાં પ્રાથમિકતા કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવાની છે, જે બાદ ઈમારત ધરાશાયી થવા પાછળના ચોક્કસ કારણોની તપાસ હાથ ધરવામાં આવશે.

### ૧૦ તારીખથી લાગૂ થશે મોટો ફેરફાર

# હાઈવે કે એક્સપ્રેસવે પર ટોલ ભરવા માટે ક્યાય કેશ કાઉન્ટર જોવા મળશે નહીં

### NHAI તરફથી સ્પષ્ટ કરી દેવાયું છે કે હવે ટોલ ટેક્સ ફક્ત ફાસ્ટેગ કે યુપીઆઈ (UPI) માધ્યમથી થઈ શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જો તમે અવારનવાર નેશનલ હાઈવે દ્વારા મુસાફરી કરતા હોવ તો તમારા માટે મહત્વના સમાચાર છે. જે તમારે જાણવા ખુબ જરૂરી છે. સરકારે એક મોટો નિર્ણય લીધો છે જે મુજબ ૧૦મી એપ્રિલથી હવે દેશભરના હાઈવે અને એક્સપ્રેસન ટોલ પ્લાઝાઓ પરથી કેશ પેમેન્ટ સંપૂર્ણ રીતે બંધ થઈ જશે. ફક્ત ડિજિટલ માધ્યમથી ટોલની ચૂકવણી થઈ શકશે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન બાદ આ નિર્ણય લેવાયો છે. અત્રે જણાવવાનું કે અગાઉ પણ સરકાર તરફથી કેશમાં અપાતા ટોલ પેમેન્ટને ધીરે ધીરે બંધ કરવાનો પ્રસ્તાવ આવ્યો હતો. હવે આ ફેરફાર અંતિમ તબક્કામાં પહોંચ્યો છે. સરકારનો આ નિર્ણય પાછળનો હેતુ ટોલિંગ સિસ્ટમને સંપૂર્ણ રીતે ડિજિટલ કરવાનો છે. ટોલ સિસ્ટમ ડિજિટલ થવાથી ટોલ પ્લાઝાથી પસાર થવાનો સમય પણ ઘટશે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) તરફથી સ્પષ્ટ કરાયું છે કે હવે ટોલ પેમેન્ટ માત્ર FASTag અને UPI જેવા ડિજિટલ માધ્યમથી જ કરી શકાશે. દેશભરમાં કુલ ૧૧૫૦થી વધુ ટોલ પ્લાઝા છે જે તમામ પર આ નિયમ લાગૂ કરાશે. જેમાં નેશનલ હાઈવે અને એક્સપ્રેસ વે બંને સામેલ છે. NHAIના જણાવ્યાં મુજબ ડિજિટલ પેમેન્ટથી ટ્રાફિક સારો થઈ શકશે. જેમાં મુસાફરી કરવામાં સમય ઓછો જશે અને મુસાફરોને સારો અનુભવ પણ થઈ શકશે. નિયમ બદલાયા બાદ ટોલ પ્લાઝા પરથી કેશ કાઉન્ટ હટી જશે. ડ્રાઈવરોએ ફાસ્ટેગ લગાવવું જરૂરી રહેશે, જો કોઈ કારણસર કામ ન કરતું હોય તો UPIથી સ્કેન કરીને પેમેન્ટ કરવાનું રહેશે. એટલે હવે સ્પષ્ટ છે કે ફાસ્ટેગ નહીં હોય તો યુપીઆઈનો વિકલ્પ રહેશે. પરંતુ ફાસ્ટેગ જ સૌથી ફાસ્ટ અને સુવિધાજનક રીત છે. મુસાફરોને NHAI તરફથી સૂચન આપવામાં આવ્યું છે કે ૧૦ એપ્રિલ પહેલા તમારા ફાસ્ટેગ જરૂરી ચેક કરી લેજો. તેને એક્ટિવ રાખવાની સાથે જ બેલેન્સ પણ ભરાવી લેજો. જો ફાસ્ટેગ ન હોય તો યુપીઆઈ એપ તૈયાર રાખજો. કેશ હવે સ્વીકારવામાં નહીં આવે. આ ફેરફારથી શરૂઆતમાં અસુવિધા થઈ શકે પરંતુ લાંબાગાળે હાઈવે પર મુસાફરી કરવી ઝડપી અને વધુ પારદર્શક બનશે.

ગરવી ગુજરાત
ગુજરાતી
JioTV
CHENNAL NO.
3010
TATA PLAY
CHENNAL NO.
2111
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## સભ્યતાની પ્રગતિની પ્રતિગામી દિશા

ઈરાન યુદ્ધે વિશ્વની સમસ્યાઓમાં વધારો કર્યો છે. પડદા પાછળ તેને ટૂંક સમયમાં સમાપ્ત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ ઉકેલની આશા ઓછી છે. સંઘર્ષ ગલ્ફ ક્ષેત્રમાં ફેલાઈ ગયો છે. ઈરાને આ ક્ષેત્રમાં યુએસ લશ્કરી થાણાઓને પણ નિશાન બનાવ્યા છે. ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ પર નાકાબંધી કરવાથી ઘણા અન્ય દેશો આ સંઘર્ષમાં કૂદી શકે છે.

કોઈપણ યુદ્ધ વિનાશ લાવે છે, અને આ સંઘર્ષ પણ તેનો અપવાદ નથી. અત્યાર સુધીમાં હજારો લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. મોટી માનવ વસાહતો કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગઈ છે. અમેરિકા અને ઈઝરાયલે સ્વ-બચાવ અને ઈરાનની પરમાણુ મહત્વાકાંક્ષાઓના દમનના આધારે આ હુમલો કર્યો હતો. તેમણે ઈરાની લોકોના માનવ અધિકારો અને સ્વતંત્રતાના રક્ષણ માટે શાસન પરિવર્તનની જરૂરિયાત પણ વ્યક્ત કરી હતી, પરંતુ તેમના યુદ્ધને બહુ ઓછો નૈતિક અને કાનૂની ટેકો મળ્યો હતો.

વાસ્તવમાં, આ યુદ્ધ ફક્ત ઉર્જા સંસાધનો કબજે કરવા અને પ્રભુત્વ સ્થાપિત કરવાની કવાયત છે. તે એ હકીકતને પણ મજબૂત બનાવે છે કે ૧૯૪૫ પછીની આંતરરાષ્ટ્રીય કાનૂની વ્યવસ્થા યુદ્ધને રોકવા અને આધિપત્યના પ્રયોગોનો સામનો કરવા માટે શાંતિ જાળવવામાં સંપૂર્ણપણે અસમર્થ છે. ટ્રમ્પનું વેનેઝુએલા અભિયાન અને તેમણે શરૂ કરેલું ટેરિફ યુદ્ધ એ યુએન ચાર્ટર અને જીનીવા સંમેલનો અને અન્ય સંધિઓમાં સંહિતાબદ્ધ કાયદાઓ દ્વારા સંચાલિત વૈશ્વિક કાનૂની માળખાના પતનનો પુરાવો છે. ઈરાન પરના હુમલાને ન તો યુએન સુરક્ષા પરિષદની મંજૂરી મળી હતી કે ન તો યુએસ કોંગ્રેસની મંજૂરી મળી હતી.

ઈરાની નેતાઓની હત્યા અને ઈરાનની અંદર નાગરિક લક્ષ્યો પર લશ્કરી હુમલાઓનો અવકાશ પણ ઘણા મૂળભૂત સિદ્ધાંતોનું ઘોર ઉલ્લંઘન છે. ઈરાન પર હુમલો કરવા માટે, શાસન પરિવર્તનની માંગણી કરવા માટે ઈઝરાયલ અને અમેરિકા જે દલીલનો ઉપયોગ કરી રહ્યા છે તે આંતરરાષ્ટ્રીય કાયદાના મૂળભૂત સિદ્ધાંતોનું પણ ઉલ્લંઘન કરે છે, જે રાષ્ટ્રોની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વની અખંડિતતા પર આધારિત છે. આ સંદર્ભમાં, આંતરરાષ્ટ્રીય ન્યાયાલયના ન્યાયાધીશ હાર્ડી ડિલાર્ડે ૧૯૭૫ના પશ્ચિમી સહારા કેસમાં એક મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે "તે લોકો છે જે પ્રદેશનું ભાગ્ય નક્કી કરે છે, પ્રદેશ નહીં કે લોકોનું ભાગ્ય." આ અવલોકન ઈરાન માટે પણ સાચું છે. જ્યારે ઈરાનમાં શાસકોના અત્યાચારોને અમુક અંશે વખોડી શકાય છે, ત્યારે સાર્વભૌમ રાષ્ટ્ર સામે યુદ્ધ કરવા માટે "શાસન પરિવર્તન" ની શંકાસ્પદ દલીલની માન્યતાને સ્વીકારવી એ યુએન ચાર્ટરના સમગ્ર માળખાને ઉલટાવી દેવા સમાન હશે. યુક્રેન, ગાઝા, વેનેઝુએલા અને ઈરાનમાં તાજેતરના સંઘર્ષો, યુએસના ટેરિફ યુદ્ધ જેવી પહેલો સાથે, આપણને સત્તાની વાસ્તવિકતા અને પ્રકૃતિ પર ચિંતન કરવા પ્રેર્યા છે. માનવ દુઃખ પ્રત્યે વૈશ્વિક મંચ પર રાજકીય નેતૃત્વનું ઉદાસીન વલણ સૂચવે છે કે સંસ્કૃતિના મોરચે થયેલી પ્રગતિ ઉલટી થઈ ગઈ છે. એવી દુનિયામાં જે સત્તાના ઉપયોગમાં વધુ સભ્ય બનવાની ઈચ્છા રાખે છે, તે વિરુદ્ધ દિશામાં જઈ રહી હોય તેવું લાગે છે. એવું બન્યું છે. યાદ રાખો, બોમ્બમારા દ્વારા શાંતિ ક્યારેય શક્ય નથી. ઈતિહાસ આપણને એ પણ શીખવે છે કે યુદ્ધ પોતે જ સમસ્યા છે, ઉકેલ નથી, અને કોઈપણ પ્રકારનો અન્યાય કે જુલમ ક્રાંતિનો સાર છે. જ્યાં સુધી વિશ્વ યુદ્ધના અમાનવીય સ્વભાવ અને વિનાશકતાથી મુક્ત ન થાય ત્યાં સુધી, માનવીય વિશ્વ વ્યવસ્થાની સ્થાપના એક સ્વપ્ન જ રહેશે. શાંતિ તરફ પ્રગતિ અને તણાવ ઓછો કરવા માટે વડા પ્રધાન મોદીના વારંવારના આહ્વાન મૂળભૂત રીતે સશસ્ત્ર સંઘર્ષનો સ્પષ્ટ અસ્વીકાર અને વિવાદોમાં મધ્યસ્થી કરવાની તાકીદનો સંકેત આપે છે. આ રાષ્ટ્રો વચ્ચે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને પ્રોત્સાહન આપવાની અને સંઘર્ષના નિરાકરણના સાધન તરીકે યુદ્ધને ટાળવાની ભારતની નીતિ સાથે સુસંગત છે. આ સૂક્ષ્મ અભિગમનો એક આવશ્યક પાસું એ હશે કે સત્તાના સામ્રાજ્યવાદી ઉપયોગ સામે અસરકારક રક્ષણ તરીકે પ્રમાણમાં કડક આંતરરાષ્ટ્રીય કાનૂની પ્રણાલીનું પાલન સુનિશ્ચિત કરવું.

# શહેર રાજય અને રાજય બહાર અનેક લોકોના કેસોના ધાક, ધમકી, ગેરકૃત્ય વગર સમાધાનથી રસ્તો કાઢી પ્રસંશનીય કામગીરી અનેક લોકોને મદદરૂપ થયા છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેર અને ગુજરાત બહારના રાજયોમાં પરપ્રાંતિય સંરક્ષણ સમિતિ અને વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના માધ્યમથી સેવા આપતા રહેલ છે. અને સુરત ખાતે આજ થી ૨૫-૩૦ વર્ષ પહેલા ઉધના મેઈન રોડમા આવેલ અરિહંત મીલના માલિક ગજાનંદજી માલપાણી હતા. એમના પાસેથી રેન્ટ (ભાડા પેટે) ઉપર શાંતિલાલ બાફનાએ રાખેલી હતી. અમુક સમય સુધી મીલ સારી એવી ચાલતી હતી.પ્રિન્ટીગ ડાંઈગનું કામ ચાલતું હતું જે ભાડું નક્કી કરેલ હતું તે ભાડું ટાઈમસર પહોંચાડવામાં આવતું હતું. સવારે મોર્નિંગ વોકમા શાંતિલાલ બાફના અને એમના ધર્મ પત્ની પણ હતા ત્યા અચાનક રેતી કપચીના ટ્રક ધ્વારા એમનું મૃત્યુ નીપજેલું હતું. એના પછી શાંતિલાલજી બાફના રહેઠાણ ભટાર ચાર રસ્તા ઉપર દિવસે દિવસે માનસિક તણાવના કારણે લાંબા સમય સુધી બીમાર પડી જતાં પથારીવશ થઈ જતાં અરિહંત મીલનો સંચાલન ના કરી શકવાના લીધે મોટું નુકશાન થયેલ તે દરમ્યાન એમના રિશ્તેદારોના માધ્યમથી એમના સાથે પરિચય થયેલો અને એમની આપવીતી આર્થિક અને માનસિક પરિસ્થિતી બતાવેલી કે હું હાલની પરિસ્થિતીમા મીલ ચલાવવા સક્ષમ નથી.તેમ જણાવેલ અને મીલ માલિક ઉદ્યોગપતિ ગજાનંદ માલપાણીજી છે તેને ભાડું ચૂકવવાનું બાકી છે. કેમિકલના વેપારીઓનું, કલરના વેપારીઓનું અને મીલના લાગતાં સ્પેરપાર્ટસ ના લાખો રુપિયાનું લેણું ચૂકવવાનું બાકી હતું. એ બધી વાતો સાંભળીને માહિતગાર થયેલા એના પછી શાંતિલાલ બાફનાજી ની સાથે ગજાનંદ માલપાણીજી ના નિવાસ સ્થાને મળવા ગયેલા. એમને બધી જ પરિસ્થિતીથી વાકેફ કરેલા અને સમય માંગેલો કે જે મીલમા વેપારીઓનું ડાઈગ પ્રિન્ટ થયેલું કાપડનો માલ મીલમા હતું તે વેપારીઓને આપી જે પેમેન્ટ આવે તેનાથી તમારું ભાડું ચૂકવી દઈશું અને જે પ્રિન્ટ થયા વગરનો ગ્રે-કાપડ હતા તે વેપારીઓને પરત આપવામાં આવેલું હતું તે વાતથી ગજાનંદ માલપાણીજી સંમત થયા અને એકબીજાનો સંતોષકારક નિરાકરણ કરાવેલ.

સુરત ના બહારના રાજયો જેવાકે કર્ણાટક, બેંગ્લોરના ચીકપેટમા ન્ઝ નામની ફર્મ યાને દુકાન તેમના શેઠ રિકભચંદજીના નામથી જાણીતા હતા. તેમને સુરત ટેક્ષટાઈલ માર્કેટના વેપારીઓ ધ્વારા લાખો કરોડો રૂપિયાની સાડીઓ ને ડ્રેસ મટિરિયલ્સનું કાપડનો વેપાર ચાલતો હતો તે દરમ્યાન જોધરાજજી સાથે મુલાકાત થયેલી. લાંબા સમયથી એકબીજા સાથે વેપાર ધંધો ચાલતો હતો. તેથી એકબીજાને ગાઢ સંબંધ થયેલ હતા. જોધરાજજીએ રિકભચંદજીને વાત કરેલી કે કડોદરા, જોળવામા ડાઈગ પ્રિન્ટીંગ મીલ પ્રોજેકટ નાંખીએ તેનાથી સારો એવો ફાયદો થશે. અને પોતાનું કાપડની પ્રિન્ટ થશે અને લોકો અને વેપારીઓનું પણ કાપડ પ્રિન્ટ એન્ડ ડાઈગ થશે તો સારી એવી આવક ઊભી થશે. એમ જોધરાજજીની વાત ઉપર વિશ્વાસ કરી લાખો રૂપિયાનું મીલ માટે રોકાણ કરેલ. જે અમુક સમય સુધી સારી એવી આવક થતી. પછી એકા-એક જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ તેમ મીલમા લાખો રુપિયાનું નુકશાન બતાવવામા આવેલ એનાથી બેંગ્લોરના વેપારી રિકભચંદજી ને એકાએક જાણ થવાથી સુરતમા રહેતા એમના સંબંધી વાત કરેલી અને સંબંધી મારફતે રિકભચંદજી ની અમારી સાથે મુલાકાત થયેલી. એમની મીલમા આવક-જાવક, નુકશાનીની ચર્ચા કરેલી તેનાથી અમો એકબીજા વિચાર કરી જોધરાજજીને વિશે પ્રતિભા મીલના માલિક પ્રમોદભાઈ ચૌધરીજી ની મીલમા જઈને કડોદરા, જોળવા મીલની ભાગીદારીની મીલના નુકશાનના વિષયમા વાત કરેલી. મીલ ઉપર, મશીનરીઓ ઉપર બેંક લોન હોવાથી અને કલર, કેમિકલવાળા વેપારીઓના પૈસા બાકી હોવાથી લાખો રૂપિયા બાકી હોવાથી મીલ ચાલી શકે તેવી પરિસ્થિતી ના હતી અને એકબીજાના નુકશાન થયાથી એકબીજા ના સંબંધો બગડી ગયેલા. પછી પ્રતિભા મીલના માલિક પ્રમોદભાઈ ચૌધરીજીની મુલાકાત કરેલી.. એમની મીલ પર જઈ એમની ઓફિસમા બેસી એકબીજાના લેતી દેતી અને નુકશાનની ચર્ચા કરી મીલના વેચાણ માટે વાત કરેલી કે મીલનું તથા મશીનરીઓ વેચી બેંક લોન ભરપાઈ કરી એકબીજાની વાત સાંભળી મીલની મશીનરી અને મીલની જગ્યા વેચી એકબીજાનો નિકાલ કરી નાંખો એ વાતથી સહમત થઈ એકબીજાનું સમાધાન કરાવેલું.

કર્ણાટક બેંગ્લોરના ચિકપેટમા પ્રિન્સ એન્ટરપ્રાઈઝ ના નામથી ઓળખાતી ફર્મ યાને દુકાનના માલિક જોરારામ ચૌધરીના નામથી ઓળખાતા હતા. એક સમયે બેંગ્લોરના ચિકપેટમા ચોવીસે કલાક દિવસ-રાત પ્રિન્સના નામથી ઓળખાતી દુકાનનો કયારેય પણ શટર બંધ થતો ન હતો. એમ દિવસ રાત ચાલતો હતો. એક સમયના કર્ણાટકમા સાઉથમા અને આંધ્રપ્રદેશમા મોટા-મોટા શો રૂમોમા બેંગ્લોરની ચિકપેટમા પ્રિન્સ નામની દુકાન ના માલિક જોરારામ ચૌધરીના માધ્યમથી લાખો કરોડો રૂપિયાનો સાડીઓ અને ડ્રેસ મટિરિયલ્સનો સપ્લાય થતી હતી. એમને બેંગ્લોર ખાતે પ્રિન્સ નામની દુકાનના માલિક જોરારામજી ચૌધરી ને સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટના વેપારીઓ અને મીલ માલિકોથી સાડીઓ અને ડ્રેસ મટિરિયલ્સનું કાપડ લાખો કરોડો રૂપિયાનું સુરતના વેપારીઓ એકબીજાના વિશ્વાસ પર ધીરાણ કરતાં હતા. પરંતુ છઠ્ઠી ડિસેમ્બરના દિવસે કોઈમ્બતુરમા શોભા નામની દુકાનનો બહુ મોટો શો રૂમ હતો. તે શો રૂમમા એકાએક બોમ્બ વિસ્ફોટ થવાથી આગ જની થયેલી તેમાં લાખો કરોડોનો શોભા નામની દુકાનના શો રૂમના માલિકને લાખો કરોડો રૂપિયાનું નુકશાન પહોંચેલો. તે કોઈમ્બતુરમા શોભા નામની દુકાન હતી તેમને બેંગ્લોરની પ્રિન્સ નામની દુકાનમાંથી લાખો કરોડોનો માલ જોરારામજી ચૌધરીના માધ્યમથી સપ્લાય થતી હતી. પરંતુ આગજનની નુકશાનના કારણે એમને ઘણું મોટું નુકશાન થયેલુ. તેનાથી એમની આર્થિક પરિસ્થિતી નબળી થવાથી સુરત ટેક્ષટાઈલના વેપારી અને મીલ માલિકોને પૈસા ચુકવણીમા ભારી તકલીફ પડેલી. જોરારામજી ચૌધરીનો સંપર્ક એક મીલ માલિકના માધ્યમથી થયેલો. અને એમની બધી વેપાર ધંધાની વિગતો મેળવી નુકશાનનું કારણ જાણી તેઓએ નવેસરથી પ્રિન્સ નામની દુકાનની જગ્યા ઉપર જ નવું નામ પુનમ એન્ટરપ્રાઈઝ્ડ ના નામથી સુરતના વેપારીઓના માધ્યમથી ચાલુ કરાવેલ. એવી જ રીતે બહારના રાજ્યોના અનેક શહેરોમા ઈરોડ, તીરછી, બરગુર, કોઈમ્બતુર, ક્રિષ્નાગીરી, મદ્રાસ અને બોમ્બે ઉલ્હાસનગર એવા શહેરોમા વેપારીઓ સાથે એકબીજાના મેલજોલથી નહીં કોઈ પોલીસ કેસ, નહીં કોઈ લડાઈ ઝઘડા, નહીં કોઈ અસામાજિક તત્વોના માણસો ધ્વારા કોઈ ખોટો ગેરકાનૂની કૃત્ય વગર સમાધાન કરાવેલા.

અમારી સંસ્થા ધ્વારા કોઈ જાતની ટકાવારી કે કોઈપણ જાતની અપેક્ષા વગર ભાઈ ભલાસથી લોકોના હિતને ધ્યાનમા રાખી અમારી સંસ્થા કામ કરતી આવેલ છે. જેમકે અન્ય સંસ્થાઓ અને કહેવાતા સિન્ડીકેટ ગ્રુપો ધ્વારા ઓફિસો ખોલીને બેઠેલા ગ્રુપો જેવી રીતે વેપારીઓના, બિલ્ડરોમા ફસાયેલા નાણાં અને ખેડૂતોની જમીનોના એકથી વધુ બનેલા સાટાખતો અને સોદાચિઠ્ઠીઓ ની સાથે સાથે ડાયમંડ અને ટેક્ષટાઈલ માર્કેટના વેપારીઓના ફસાયેલા નાણાંની વસૂલાત માટે આવી સિન્ડીકેટો ધ્વારા ફસાયેલા નાણાંમાંથી ૩૦% થી ૩૫% વસૂલાત અને ઉપરથી એડવાન્સમા કામગીરી પેટે ચોક્કસ એડવાન્સ કામગીરી કરાવવા માટે પૈસા લેતા હોય છે. આમ અમારી સંસ્થા ધ્વારા નીતિનિયમ અને કાયદેસરની ન્યાય પ્રણાલી ધ્વારા ન્યાય અપાવવામા આવે છે. અને અમારી સંસ્થા આ જ ઉદ્દેશથી આજદિન સુધી કાર્ય કરતી આવેલ છે.


### એમઆઈટીના સંશોધકોએ એઆઈ યુઝર્સને ચેતવણી આપી

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગથી જ્ઞાન, વિચારવાની ક્ષમતાને નુકસાનઃ રિસર્ચનું તારણ

### એઆઈ ચેટબોટ દરેક વાતમાં સહમતી દર્શાવતા હોવાથી તેના વધુ વપરાશ કરતાં યુઝર્સ ચોક્કસ પેટર્નમાં ભ્રમિત થયાનું જણાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાની મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીના સંશોધકોએ એઆઈ ચેટબોટનો વધારે ઉપયોગ કરતાં યુઝર્સને ચેતવણી આપી હતી કે તેનાથી સમજવા-વિચારવાની ક્ષમતાને ગંભીર અસર થાય છે. એઆઈ એક પેટર્ન પ્રમાણે જવાબ આપે છે એટલે તેનાથી સાવધાન રહેવું જરૂરી છે. એઆઈ ચેટબોટ્સનો ચાપલુસીભર્યું વર્તન યુઝર્સને ગેરમાર્ગે દોરે છે. એઆઈનો વધારે ઉપયોગ આપણાં જ્ઞાન ઉપર પણ અસર કરે છે.આપણાં રોજિંદા જીવનમાં એઆઈ ચેટબોટ્સનો ઉપયોગ સામાન્ય થઈ પડયો છે. જેમિનાઈથી લઈને ગ્રોક, ચેટજીપીટી વગેરેનો ઉપયોગ ખૂબ થાય છે. દરરોજ કરોડો યુઝર્સ એઆઈ ચેટબોટ્સને કરોડો પ્રોમ્પ્ટ આપે છે. એઆઈથી ઘણાં કામો સરળ બન્યાં છે. પરંતુ એની સાઈડ ઈફેક્ટ્સ પણ



સામે આવે છે. મેસેચ્યુસેટય ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી)ના સંશોધનમાં ચોંકાવનારું તારણ સામે આવ્યું છે. એમઆઈટીના કહેવા પ્રમાણે એઆઈ ચેટબોટ્સ ખોટી માહિતી આપીને ભ્રમ પેદા કરે છે એ તો ખરું જ, પરંતુ તેનાથી આપણી વિચારવાની અને સમજવાની ક્ષમતાને પણ ફટકો પહોંચે છે. આપણાં નોલેજમાં પણ ઘટાડો થાય છે. જે બાબતો આપણે પહેલાં યાદ રાખતા હતા એ તુરંત એઆઈ પૂછીએ છીએ તેના કારણે આપણું દિમાગ ચીજવસ્તુઓ યાદ રાખતું નથી.તે ઉપરાંત એઆઈ ચેટબોટ્સનું વર્તન ચાપલુસ જેવું હોય છે. એ તમારી દરેક વાતમાં સહમત થાય છે. તેના પરિણામે આપણને કોઈ ટોપિકમાં ભ્રમ થઈ શકે છે. એ અંગે આપણી વિચારધારા બદલાઈ શકે છે. એક રિસર્ચ પેપરમાં એમઆઈટીના સંશોધકોએ કહ્યું હતું કે તેમણે એક ગાણિતિક મોડલ બનાવ્યું હતું. એમાં એક જ ટોપિકના સવાલો એઆઈને જુદી જુદી રીતે પૂછાયા હતા. એઆઈએ સવાલ પ્રમાણે તેનો જવાબ અપડેટ કર્યો હતો. તેની વાત કહેવાની રીત સવાલ બદલાય તે રીતે બદલાતી હતી. એઆઈ યુઝર્સના વિચારને યોગ્ય ઠેરવે છે. એ અસહમતી ઓછી બતાવે છે, પરિણામે યુઝર એને પૂછે એવા ટોપિક પર કશું જાણતો ન હોય તો તેનાથી એના દિમાગમાં ભ્રમ ખડો થાય છે. યુઝર્સનું એઆઈ ચેટબોટનું માનીને ધારણાં બાંધે છે. એઆઈ ચેટબોટ નિષ્પક્ષ જવાબ આપતાં નથી. તે આપણાં વિચારો વ્યક્ત થયા છે એને જ બીજા શબ્દોમાં ફરીથી રજૂ કરે છે. એઆઈના અતિરેકથી તાર્કિક શક્તિ ઘટી શકે છે. નોલેજમાં ઘટાડો થઈ શકે છે. આપણી વિચારવાની પેટર્ન બદલાઈ શકે છે.

### કેન્દ્ર સરકારનું સત્તાવાર નિવેદન

# ઈરાનથી આવતું જહાજ ભારતના બદલે ચીન તરફ વળ્યું હોવાના સમાચાર પાયાવિહોણા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારતની ઉર્જા સુરક્ષાને લઈને સોશિયલ મીડિયા પર અનેક અટકળો વહેતી થઈ હતી. ખાસ કરીને ઈરાનથી આવતા ક્રૂડ ઓઈલના જહાજ અને પેમેન્ટની સમસ્યાને લઈને ફેલાયેલી અફવાઓ પર હવે કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે પૂર્ણવિરામ મૂક્યું છે. મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ભારતની તેલ સપ્લાય સંપૂર્ણપણે સુરક્ષિત છે.

ઓઈલ માર્કેટ પર નજર રાખતી એજન્સી કેપ્લરે દાવો કર્યો હતો કે, ઈરાનથી આશરે ૬ લાખ બેરલ કાચું તેલ લઈને ભારત આવી રહેલું જહાજ પિંગ શુન અચાનક માર્ગ બદલીને ચીન તરફ વળી ગયું છે.

કેપ્લરના રિફાઈનરી મેનેજર સુમિત રિતોલિયાના જણાવ્યા અનુસાર, આ જહાજ ગુજરાતના વડીનાર બંદર તરફ આવી રહ્યું હતું, પરંતુ ભારત નજીક પહોંચતા જ તેણે પોતાની દિશા બદલી નાખી હતી. જેની પાછળનું કારણ પેમેન્ટની સમસ્યા હોવાનું અહેવાલોમાં જણાવાયું હતું.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૦૪/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૮૫૭ | ૪૦૦.૦૦ | ૬૧૫.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૫૭૮ | ૧,૨૧૧.૦૦ | ૧,૨૭૪.૦૦ |
| ૪ | રાયડો | ૨૫ | ૧,૨૬૦.૦૦ | ૧,૨૭૨.૦૦ |
| ૫ | મકાઇ | ૨૨૫ | ૩૩૦.૦૦ | ૩૭૭.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૧૩૨ | ૧,૬૫૧.૦૦ | ૧,૭૭૬.૦૦ |
| ૭ | ચણા | ૧૨૧ | ૧,૦૧૭.૦૦ | ૧,૦૭૧.૦૦ |
| ૮ | તુવર | ૫ | ૧,૨૭૦.૦૦ | ૧,૩૦૦.૦૦ |
| ૯ | ડાંગર | ૩૦ | ૪૫૦.૦૦ | ૪૭૩.૦૦ |
| ૧૦ | તમાકુ | ૫૪૨૮ | ૧,૨૮૫.૦૦ | ૨,૦૫૫.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૧૧૬૫ | ૮૫૦.૦૦ | ૧,૧૬૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

### AAPના આરોપો પર રાઘવ ચઢ્ઢાનો વળતો જવાબ

# હું સંસદમાં બૂમબરાડા પાડવા કે માઈક તોડવા નથી જતો

### રાઘવ ચઢ્ઢાએ આ આરોપને સાવ ખોટો ગણાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આમ આદમી પાર્ટી (AAP)માં આંતરિક તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. હવે રાઘવ ચઢ્ઢા, જેઓને તાજેતરમાં પાર્ટીના રાજ્યસભાના ડેપ્યુટી લીડરના પદેથી હટાવવામાં આવ્યા છે, તેમણે એક નવો વીડિયો જાહેર કરીને પાર્ટીના આરોપોનો જોરદાર જવાબ આપ્યો છે. વીડિયોના થંબનેલ પર રાઘવ ચઢ્ઢાએ લખ્યું છે - ''ઘાયલ છું, એટલે જ ઘાતક છું''. રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, કાલથી તેમની સામે એક સ્ક્રિપ્ટેડ કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યું છે. એક જ પ્રકારની ભાષા અને એક જ પ્રકારના આરોપો – આ બધું પહેલેથી વિચારી-સમજીને કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, AAPએ તેમના પર ત્રણ મુખ્ય આરોપ લગાવ્યા છે અને આ જ ત્રણ આરોપોના આધારે તેમને સંસદમાં બોલવા દેવામાં આવ્યા નથી.



રાઘવ ચઢ્ઢાએ આ આરોપને સાવ ખોટો ગણાવ્યો. તેમણે કહ્યું, "હું વિરોધ પક્ષના વોકઆઉટ વખતે ત્યાં બેસી રહેતો હતો, આ સાવ ખોટું છે." તેમણે પડકાર ફેંક્યો કે આમ આદમી પાર્ટી એક પણ એવી ઘટના બતાવે જ્યારે વિરોધ પક્ષે વોકઆઉટ કર્યો હોય અને તેઓ સાથે ન ગયા હોય. સંસદમાં તો દરેક જગ્યાએ CCTV કેમેરા છે. AAP ફૂટેજ કાઢીને બતાવે કે મેં વોકઆઉટમાં સાથ નથી આપ્યો. આ આરોપને પણ રાઘવ ચઢ્ઢાએ સાવ ખોટો ગણાવ્યો. તેમણે કહ્યું કે, "આમ આદમી પાર્ટીના કોઈ પણ નેતાએ મને આ પ્રસ્તાવ પર સહી કરવા માટે કહ્યું જ નથી – ન તો ઔપચારિક રીતે, ન તો અનૌપચારિક રીતે." તેમણે જણાવ્યું કે રાજ્યસભામાં AAPના કુલ ૧૦ સાંસદો છે, જેમાંથી ૬-૭ સાંસદોએ પોતે જ આ પ્રસ્તાવ પર સહી નથી કરી. આ પ્રસ્તાવ લાવવા માટે માત્ર ૫૦ હસ્તાક્ષરોની જરૂર હતી, જ્યારે વિરોધ પક્ષ પાસે ૧૦૫ સાંસદો છે.

રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, "હું રાજ્યસભામાં ચીસો પાડવા કે માઈક તોડવા નથી જતો. હું ત્યાં જનતાના મુદ્દા ઉઠાવવા જાઉં છું." તેમણે જણાવ્યું કે, "મેં GSTથી લઈને ઈન્કમ ટેક્સ, પંજાબના પાણીથી લઈને દિલ્હીની હવા, સરકારી સ્કૂલોની હાલત, પબ્લિક હેલ્થકેર, રેલવેની સમસ્યાઓ, બેરોજગારી અને મોંઘવારી જેવા અનેક જનતાના મુદ્દાઓ સંસદમાં ઉઠાવ્યા છે." રાઘવ ચઢ્ઢાએ અંતમાં કહ્યું કે, ''મારા પર ખોટા આરોપ લગાવવામાં આવી રહ્યા છે.''

### રાહુલ ગાંધીના કેન્દ્ર સરકાર પર પ્રહાર, પત્ર શેર કર્યો

# સરકારી ઈમારતો પર હજુ પણ ચીની CCTV: રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં ચાઈનીઝ સીસીટીવી કેમેરાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરીને સોશિયલ મીડિયા પર પત્ર શેર કર્યો છે. આમાં તેમણે કેન્દ્ર સરકાર દ્વારા નાગરિકોની સુરક્ષા જોખમમાં નાખવાનો, હજુ પણ સરકારી બિલ્ડિંગોમાં આવા સીસીટીવીનો ઉપયોગ થતો હોવા સહિતના ગંભીર આક્ષેપ કર્યા છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર પોસ્ટ કરીને કહ્યું છે કે, 'કેન્દ્ર સરકારે સામાન્ય પ્રજા દ્વારા ચાઈનીઝ સીસીટીવી કેમેરાના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધો છે, જોકે હજુ પણ સરકારી ઈમારતોમાં આવા કેમેરા લાગેલા છે, વિદેશી એઆઈ પ્લેટફોર્મ આપણા દેશના સંવેદનશીલ ડેટાની પ્રોસેસ કરી રહી છે. તેમ છતાં આ મુદ્દે કેન્દ્ર સરકાર કંઈપણ બોલતી



નથી. મેં આ મુદ્દે સંસદમાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયને સવાલ પૂછ્યા હતા, જેમાં તેમણે ઘણા જવાબ આપી દીધા, પરંતુ જે પૂછ્યું હતું તેનો કોઈ જવાબ ન આપ્યો.' રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મેં સરકારને પૂછ્યું હતું કે, આપણા દેશમાં કેમેરા કયા દેશમાંથી આવ્યા? તેમાંથી સુરક્ષા દૃષ્ટિએ કેટલા પ્રમાણિત છે? વિદેશની કયા એઆઈ પ્લેટફોર્મ આપણા સરકારી ડેટા પ્રોસેસ કરી રહી છે? કયાં પ્રતિબંધીત એપ નામ બદલીને હજુ પણ ચાલી રહ્યા છે? જોકે મંત્રાલયે કોઈ ડેટાકીય જવાબ આપ્યો નથી, તેઓએ પ્લેટફોર્મના નામ પણ કહ્યા નથી અને મેં જે પૂછ્યું તેનો જવાબ આપ્યો નથી.' ચાઈનીઝ સીસીટીવી કેમેરા મુદ્દે સરકારે પત્ર લખીને જવાબ આપ્યો હતો, ત્યારે કોંગ્રેસ સાંસદે તે પત્ર સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. તેમણે પત્ર સાથે લખ્યું છે કે, 'પાંચ વર્ષ પહેલા કેન્દ્ર સરકાર દ્વારા સ્વિકાર કરાયો હતો કે, સરકાર દ્વારા ઉપયોગમાં લેવાતા ૧૦ લાખ ચાઈનીઝ કેમેરા ડેટા ટ્રાન્સફર કરીને જોખમ ઉભુ કરી રહ્યા છે. જોકે આજે પણ સરકાર કહેતી નથી કે, આપણી ઉપર નજર રાખી રહેલા તે કેમેરા સુરક્ષિત છે કે નહીં. આવી સ્થિતિ દેશને અંધારામાં રાખવાનું ષડયંત્ર છે. મોદી સરકાર પોતાની નિષ્ફળતા પર પડદો ઢાકી, વિદેશીની દેશ પર નજરનું સત્ય છુપાવીને દરેક નાગરિકોની સુરક્ષાને જોખમમાં નાખી રહી છે.'

દિલ્હીમાં CCTV સર્વેલન્સ નેટવર્કમાં ચીન દ્વારા બનાવાયેલા કેમેરાનો ઉપયોગ થાય છે, ત્યારે રાજ્ય સરકારે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખીને તબક્કાવાર આ સીસીટીવી હટાવવાની શરૂ કરી દીધા છે. લોક નિર્માણ વિભાગ (PWD)ના મંત્રી પ્રવેશ વર્માએ કહ્યું કે, દિલ્હીમાં ચીનની કંપની Hikvisionના કેમેરા ધીમે ધીમે હટાવવામાં આવી રહ્યા છે અને તેના બદલે અન્ય કેમેરા લગાવાશે. પીડબલ્યુડીએ દિલ્હીમાં ૨.૭ લાખથી વધુ સીસીટીવી લગાવ્યા છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ ચુંટણીપંચે જાહેર કર્યા કેટલાક કડક નિયમો



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં આવનારી મહાનગરપાલિકા અને નગરપાલિકાની ચુંટણીને ધ્યાનમાં રાખી રાજય ચુંટણીપંચે ઉમેદવારી માટે કેટલાક મહત્વપૂર્ણ નિયમો અને માર્ગદર્શિકા જાહેર કરી છે.

હાલ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી ચાલી રહી છે. ત્યારે આ નવા નિયમો ઉમેદવારો માટે નિર્ણાયક સાબિત થશે, ચુંટણીપંચની ગાઈડ લાઈન મુજબ મહાનગરપાલિકાની ચુંટણીમાં એવા ઉમેદવારો ગેરલાયક ગણાશે જેમનો કોર્પોરેશન સાથે સીધો કે પરોક્ષ વ્યવસાયીક સંબંધ હોય, એટલે કે કોઈ કોન્ટ્રાકટર, ભાગીદાર કે કોર્પોરેશનના કામમાં નફાકારક હિત ધરાવતા વ્યકિત ઉમેદવારી નોંધાવી શકશે નહી, ઉપરાંત કોર્પોરેશન હેઠળ કોઈપણ પ્રકારનો નફાકારક હોદ્દો ધરાવતા વ્યકિતઓ પણ ચુંટણી લડી શકશે નહી, ઉમેદવારનુ નામ છેલ્લે પ્રકાશિત થયેલી મતદાર યાદીમાં હોવુ ફરજીયાત છે, સાથે જ ઉમેદવારની ઉંમર દાવેદારી નોંધણીના છેલ્લા દિવસે ઓછામાં ઓછી ૨૧ વરસ હોવી જોઈએ, તેની પુરવાર માટે જરૂરી દસ્તાવેજો પણ રજુ કરવા પડશે,

જો કોઈ ઉમેદવારને નૈતિક અધઃપતનના ગુન્હામાં ૬ મહિના થી વધુ સજા નો હુકમ થયો હોય તો તે પણ ઉમેદવારી માટે ગેરલાયક ઠરી શકે છે, આ તમામ જોગવાઈઓ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૧૦ હેઠળ લાગુ કરવામાં આવી છે. ઉમેદવારી ફોર્મમાં દરખાસ્ત કરનાર અને ટેકો આપનાર વ્યકિત તે જ વોર્ડ ના નોંધાયેલા મતદાર હોવા જરૂરી છે. સાથે જ ઉમેદવાર અને ટેકો આપનાર ની સહી સાચી હોવી આવશ્કય છે. ચુંટણી પંચે કેટલાક ચોકકસ સંજોગો પણ જાહેર કર્યા છે, જેમાં ઉમેદવારી રદ થઈ શકે છે, તેમાં નાદાર જાહેર થયેલા લોકો, કોર્પોરેશનના લાયસન્સ ધરાવતા વ્યવસાયીકો, ન્યાયીક હોદ્દા ધરાવતા વ્યકિતઓ, બાકી લેણાં ન ભરનાર અને કોન્ટ્રાકટર સહિત હિત ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. જો કોઈ ઉમેદવાર એસસી અથવા એસટી તેમજ પછાતવર્ગ નો દાવો કરે અને તે માન્ય ન ઠરે, તો તેની ઉમેદવારી રદ નહી થાય, પરંતુ તેને સામાન્ય ઉમેદવાર તરીકે વધારાની ડીપોઝીટ રકમ ચુકવવી પડશે, આ નવા નિયમો અમલમાં આવતા ચુંટણી પ્રક્રિયામાં પારદર્શિતા વધશે અને હિત સંઘર્ષ ધરાવતા ઉમેદવારોને બહાર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# અસારવા – કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ટ્રેનનું સંચાલન

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખતાં અસારવા અને કાનપુર સેન્ટ્રલ વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેની વિગતો નીચે મુજબ છે :

- ટ્રેન નંબર ૦૧૯૦૬/૦૧૯૦૫ અસારવા – કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ટ્રેન

ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા – કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ટ્રેન તારીખ ૦૭ એપ્રિલ ૨૦૨૬ થી ૧૪ જુલાઈ ૨૦૨૬ સુધી દરેક મંગળવારે અસારવાથી ૦૮:૫૫ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બુધવારે ૦૭:૦૦ કલાકે કાનપુર સેન્ટ્રલ પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ – અસારવા વિશેષ ટ્રેન તારીખ ૦૬ એપ્રિલ ૨૦૨૬ થી ૧૩ જુલાઈ ૨૦૨૬ સુધી દરેક સોમવારે કાનપુર સેન્ટ્રલથી ૦૮:૧૫ કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે મંગળવારે ૦૫:૪૫ કલાકે અસારવા પહોચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન હિંમતનગર, શામળાજી રોડ, ડૂંગરપુર, સેમારી, જાવર, ઉદયપુર સિટી, રાણા પ્રતાપનગર, માવલી જંકશન, ચંદેરિયા, માંડલગઢ, બૂંદી, કેશોરાય પાટન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના જંકશન, રૂપબાસ, ફતેહપુર સીકરી, ઈદગાહ, ટુંડલા જંકશન, ફિરોજાબાદ તથા ઈટાવા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં ૨ ટિયર એસી, ૩ ટિયર એસી, સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા – કાનપુર સેન્ટ્રલ માટે રિઝર્વેશન ૦૫ એપ્રિલ ૨૦૨૬ થી તમામ PRS કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર અવલોકન કરી શકે છે.

# મેગા ટ્રાફિક બ્લૉકને લીધે અમદાવાદ મંડળની બે ટ્રેનોનો માર્ગ પરિવર્તન

ઉત્તર રેલવે હેઠળ કાનપુર-લખનઉ સેક્શનમાં બ્રિજ નંબર ૧૧૦ પર સ્ટીલ ટ્રફ હટાવવા અને H-બીમ સ્લીપર લગાવવા માટે તારીખ ૦૨ એપ્રિલ, ૨૦૨૬ થી ૧૩ મે, ૨૦૨૬ સુધી મેગા ટ્રાફિક અને પાવર બ્લૉક લેવામાં આવ્યો છે. આ કામને લીધે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળથી સંચાલિત નીચે જણાવેલી ટ્રેનોના માર્ગમાં અસ્થાયી પરિવર્તન કરવામાં આવ્યું છે. જેની વિગતો નીચે મુજબ છે :

- ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ – દરભંગા ક્લોન સ્પેશિયલ તારીખ ૦૩, ૧૦, ૧૭ અને ૨૪ એપ્રિલ તથા ૦૧ અને ૦૮ મે ૨૦૨૬ ના રોજ પોતાના નિર્ધારિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ – લખનઉ – બારાબંકી – શાહગંજ – છપરા – મુજફ્ફરપુર ને બદલે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ – પ્રયાગરાજ – પં. દીનદયાળ ઉપાધ્યાય – પાટલિપુત્ર - મુજફ્ફરપુર થઈને ચાલશે અને લખનઉ, અયોધ્યા કેન્ટ, શાહગંજ અને છપરા સ્ટેશનો પર નહીં જાય.
- ટ્રેન નંબર ૧૫૨૭૦ સાબરમતી – મુજફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ તારીખ ૦૪, ૧૧, ૧૮ અને ૨૫ એપ્રિલ તથા ૦૨ અને ૦૯ મે ૨૦૨૬ ના રોજ પોતાના નિર્ધારિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ – લખનઉ – બારાબંકી – ગોરખપુર – છપરા – સોનપુર ને બદલે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ – પ્રયાગરાજ – મિર્જાપુર – પં. દીનદયાળ ઉપાધ્યાય – પાટલિપુત્ર – સોનપુર થઈને ચાલશે અને લખનઉ, ગોંડા, બસ્તી, ખલીદાબાદ, ગોરખપુર, દેવરિયા સદર, ભટની, સીવાન અને છપરા સ્ટેશનો પર નહીં જાય.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર અવલોકન કરી શકે છે.

# વડોદરા જિલ્લા ભાજપમાં વિવાદ : પોલીસ ચોપડે વોન્ટેડ આરોપીને પક્ષમાં મહત્વનો હોદ્દો અપાયો




પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લા ભાજપ સંગઠનમાં એક ચોંકાવનારી નિમણુંક બહાર આવતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ડભોઈ પંથકમાં જીવલેણ હુમલાના કેસમાં પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરાયેલા આરોપી ભરત તડવી ઉર્ફે ભુપેન્દ્ર તડવી ને ભારતીય જનતા પાર્ટીએ અનુસુચિત જનજાતિ (એસટી) મોરચાના મંત્રી બનાવી દીધા છે, એક તરફ પોલીસ જેને શોધી રહી છે તેને બીજી તરફ સત્તાધારી ભાજપે હોદ્દો આપતા વિરોધ પક્ષ અને જનતામાં આશ્ચર્ય ફેલાયુ છે.

ભુપેન્દ્ર તડવી સામે ગંભીર ગુન્હાહીત ઈતિહાસ હોવાનુ બહાર આવ્યુ છે. મળતી માહિતી મુજબ રેતીની લીઝ જોવા આવેલા બે વ્યકિતઓ પર જીવલેણ હુમલો કરી તે લાંબા સમયથી ફરાર છે, આ ઉપરાંત તે અનેક વખત ગેરકાયદેસર રેતી ખનનના કેસોમાં પણ ઝડપાયેલો છે, પોલીસ તપાસમાં જેનુ નામ વોન્ટેડ લીસ્ટ માં છે તેને સત્તાધારી ભાજપ દ્વારા સંગઠનમાં મંત્રી જેવુ મહત્વનુ પદ સોંપાતા ભાજપના શિસ્તબધ્ધ હોવાના દાવા સામે સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક સુત્રોના જણાવ્યા અનુસાર ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા શખ્સને પક્ષમાં હોદ્દો મળતા પ્રમાણિક કાર્યકરોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. અત્યાર સુધી પોલીસ જે આરોપીને પકડી શકી નથી તે પક્ષના કાર્યક્રમો કે પદગ્રહણ સમયે કયાં હતો તે પણ તપાસનો વિષય છે. હવે જોવાનુ એ રહે છે કે મીડીયામાં આવેલા અહેવાલો પ્રસિધ્ધ થયા બાદ ભાજપ સંગઠન આ નિમણુંક રદ કરે છે કે કેમ તેના પર સૌની મીટ મંડાઈ છે.

# ઉમરેઠ પેટા ચુંટણીમાં કોંગ્રેસે ભૃગુરાજસિંહ ચૌહાણને મેદાનમાં ઉતાર્યા: ભૃગુરાજસિંહ અગાઉ તાલુકા પંચાયત પ્રમુખે રહી ચુકયા છે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી પેટા ચુંટણીના જંગ માટે રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારો ઉભા રાખવાનુ શરૂ કરી દીધુ છે. આણંદ જિલ્લાની અત્યંત મહત્વની એવી ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચુંટણી માટે કોંગ્રેસ દ્વારા સત્તાવાર રીતે ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસે અનુભવી નેતા અને પાયાના કાર્યકર એવા ભૃગુરાજસિંહ ચૌહાણને ટીકીટ આપીને ચુંટણીના જંગમાં ઉતાર્યા છે. ઉલ્લેખનીય છે કે આજે શનિવારે ભાજપે પોતાના ઉમેદવારને ઉમેદવારી ફોર્મ ભરવા માટે શકિતપ્રદર્શન યોજી ઉમેદવારી પત્ર ભર્યુ હતું. ભૃગુરાજસિંહ ચૌહાણ ઉમરેઠ પંથકમાં મજબુત જનધારા અને પકકડ ધરાવે છે, તેઓ અગાઉ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સફળતાપૂર્વક જવાબદારી નિભાવી ચુકયા છે, જેના કારણે સ્થાનિક સ્તરે મતદારો અને કાર્યકરોમાં તેમની લોકપ્રિયતા વધુ છે. વર્તમાનમાં તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મહત્વના હોદ્દેદાર તરીકે કાર્યરત છે. પક્ષે તેમના બહોળા રાજકીય અનુભવ અને સ્થાનિક વર્ચસ્વને ધ્યાને રાખીને આ વખતે પેટા ચુંટણીમાં વિજયી મેળવવાની આશા સાથે તેમને જવાબદારી સોંપી છે. ઉમરેઠની આ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામવાની શકયતા છે. પેટા ચુંટણી જાહેર થતા જ વિસ્તારમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. ભૃગુરાજસિંહ ના નામની જાહેરાત સાથે જ કોંગ્રેસના કાર્યકરોએ પ્રચાર અને જનસંપર્કની કામગીરી વેગીલી બનાવી દીધી છે. હવે જોવાનુ એ રહેશે કે ભૃગુરાજસિંહ ચૌહાણ આ બેઠક પર કોંગ્રેસનો પંજો ફરીથી મજબુત કરી શકે છે કે નહી.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં ઉમેદવાર હર્ષદ પરમારે ભર્યુ ફોર્મ : ભાજપે કર્યુ શકિત પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

**ઉમરેઠની રજનીનગર સોસાયટી ખાતે જાહેરસભા યોજાઈ: દિગ્ગજ નેતાઓની હાજરી માં ફોર્મ ભરાયું**



ગુજરાત વિધાનસભાની પેટા ચુંટણીનો જંગ જામ્યો છે. ત્યારે ઉમરેઠ વિધાનસભા બેઠક પર ભાજપે પોતાની પુરી તાકાત લગાડી દીધી છે. આજે શનિવારે ઉમરેઠ બેઠકના ભાજપના ઉમેદવાર હર્ષદ પરમારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પોતાનુ ઉમેદવારી પત્ર ભર્યુ હતું.

આ પ્રસંગે ભાજપ દ્વારા ભવ્ય જાહેરસભા અને રેલી નુ આયોજન કરી પ્રચંડ શકિત પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. ઉમેદવારી ફોર્મ ભરતા અગાઉ ઉમરેઠની રજનીનગર સોસાયટી ખાતે એક વિશાળ જાહેરસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભામાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જનમેદનીને સંબોધતા ભાજપ સરકારની ઉપલબ્ધિઓ ગણાવી હતી. અને હર્ષદ પરમારને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી, મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યકત કર્યો હતો કે ઉમરેઠની જનતા વિકાસના પક્ષને રહીને કમળ ખીલવશે,

આ કાર્યક્રમમાં સંગઠન અને સરકારના અનેક દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. ચુંટણી ઈન્ચાર્જ પ્રદિપસિંહ જાડેજા, કેબિનેટ મંત્રી રમણ સોલંકી, સ્થાનિક સાંસદ તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના હોદ્દેદારોએ મંચ ગજવ્યો હતો. નેતાઓએ કાર્યકરોમાં જોમ પુરતા જણાવ્યુ હતુ કે આ ચુંટણી વિકાસના એજન્ડા પર લડવામાં આવશે, જાહેરસભા પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની આગેવાનીમાં એક વિશાળ રેલી યોજાઈ હતી.

કેસરીયા માહોલમાં યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો જોડાયા હતા. રેલી બાદ હર્ષદ પરમારે વિજયી વિશ્વાસ સાથે પોતાનુ ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતું.

ભાજપના આ આક્રમક પ્રચાર થી વિપક્ષી છાવણીમાં પણ સન્નાટો છવાઈ ગયો હતો.

## હિટ એન્ડ રનના બનાવોથી રાજ્યની ટ્રાફિક વ્યવસ્થા સામે સવાલ

# ગુજરાતમાં વાહનચાલકો બેફામ: પાંચ વર્ષમાં હિટ એન્ડ રનના ૯૫૯૭ બનાવ

### સમગ્ર દેશમાં આ પ્રકારના અકસ્માતમાં તમામ ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત ૧૧મા સ્થાને છે



(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં બેફામ રીતે વાહન હંકારવા અને અકસ્માત કરીને ભાગી જવાના હિટ એન્ડ રનના વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ સુધીના પાંચ વર્ષના સમયગાળામાં કુલ ૯૫૯૭ બનાવો નોંધાયા છે. રાજ્યમાં જેમ જેમ વાહનોની સંખ્યા વધી રહી છે તેમ તેમ વાહન બેદરકારીથી ચલાવવાના બનાવોમાં પણ વધારો થઇ રહ્યો છે.સમગ્ર દેશમાં હિટ એન્ડ રનના માર્ગ અકસ્માતના બનાવોમાં ગુજરાત મોખરાનું રાજ્ય છે. જેમાં સેંકડો વ્યક્તિઓ જીવ ગુમાવી રહ્યા છે. લોકસભામાં સડક, પરિવહન રાજમાર્ગ મંત્રાલય દ્વારા વિવિધ રાજ્યમાં બનેલા હિટ એન્ડ રનના બનાવોની અપાયેલી માહિતી મુજબ ગુજરાતમાં દર વર્ષે પોણા બે હજારથી વધુ હિટ એન્ડ રનના બનાવો બની રહ્યા છે. સમગ્ર દેશમાં આ પ્રકારના અકસ્માતમાં તમામ ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત ૧૧મા સ્થાને છે. રાજ્યમાં ગૃહ વિભાગ અને રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા માર્ગ અકસ્માતના નિયંત્રણ માટે અનેક પગલા લેવાતા હોવાના દાવા છતાં હિટ એન્ડ રનના અકસ્માતના બનાવો બને છે. આવા બનાવો સમગ્રતયા રોડની ડિઝાઈન, ટ્રાફિક નિયંત્રણ, નાના વાહનચાલકોની સુરક્ષામાં બેદરકારી અને બેફામ હંકારનારા ચાલકોને કાયદો-વ્યવસ્થાનો ડર ન હોય તેના પણ સૂચક છે.હિટ એન્ડ રનના કિસ્સામાં વ્યક્તિના મૃત્યુ કે ઈજાના કિસ્સામાં તેમને વળતર આપવાની જોગવાઇ છે. જેમાં મૃત્યુના કિસ્સામાં ૨ લાખ અને ગંભીર ઈજાગ્રસ્તને દાવા બદલ ૫૦ હજાર રૂપિયા સુધીનું વળતર ચૂકવવાની જોગવાઇ છે. જો કે વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં આવો ફક્ત એક દાવો નોંધાયો હતો. ૨૦૨૩-૨૪માં ૧૮ દાવા સામે ૧૧માં વળતર ચૂકવાયું હતું. ૨૦૨૪-૨૫માં ૬૭૮ દાવા સામે ૩૫૦ અને ૨૦૨૫-૨૬ (ફેબ્રુઆરી સુધી)માં ૮૧૯ દાવા સામે ૭૨૦ કિસ્સામાં વળતર ચૂકવાયું હતું. જે હિટ એન્ડ રનના નોંધાતા બનાવોની સરખામણીમાં ખૂબ ઓછા દાવા છે.

## ખાતાધારકો માટે RBIની મોટી યોજના

# એકાઉન્ટ નંબર બદલ્યા વગર બેન્ક બદલી શકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંક (RBI) ખાતાધારકોના હિતમાં એક મોટી વ્યવસ્થા પર કામગીરી શરૂ કરી દીધી છે. નવી વ્યવસ્થા મુજબ હવે બેંક ખાતાધારકો એકાઉન્ટ નંબર બદલ્યા વગર મોબાઈલ નંબર પોર્ટની જેમ બેંક બદલી શકશે. આરબીઆઈની આ યોજના બેકિંગ ક્ષેત્રમાં એક મોટો ફેરફાર ગણવામાં આવી રહ્યો છે. જો આ યોજના શરૂ થશે તો અનેક બેંક ખાતાધારકોને મોટી રાહત મળશે. બેંક ખાતાધારકો પોતાની ઈચ્છા મુજબ એકાઉન્ટ નંબર બદલ્યા વગર સરળતાથી બેંક બદલી શકે અને બેંક બદલતા જ આપોઆપ બધુ ટ્રાન્સફર થઈ શકે તે અત્યાધુનિક સિસ્ટમ પર RBIએ કામગીરી શરૂ કરી દીધી છે. 'પેમેન્ટ્સ વિઝન ૨૦૨૮' હેઠળ ગ્રાહકોને પોતાની મરજી મુજબ બેંક પસંદ કરવાની આઝાદી મળી શકે તે હેતુથી આરબીઆઈએ નવી વ્યવસ્થા પર વિચારણા શરૂ કરી દીધી છે. આનાથી બેંકોમાં સ્પર્ધા પણ વધશે અને તેના કારણે ગ્રાહકોને સારી સેવા પણ મળશે. હાલના સમયમાં જો કોઈ ગ્રાહકે બેંક બદલવી હોય તો તેમને નવો બેંક એકાઉન્ટ નંબર આપવામાં આવે છે, ત્યારબાદ ડોક્યુમેન્ટ્સની પ્રક્રિયા શરૂ થાય છે, જેમાં ઘણો સમય વેડફાઈ જાય છે. આમાં ગ્રાહકોએ પોતાની નવી બેંક વિગતોમાં પગાર, હોમ લોનની હપ્તા, મ્યુચ્યુઅલ ફંડ (SIP), વીમા પ્રિમિયમ, ગેસ સબસિડી અને વીજળી-પાણી બિલની ચૂકવણી સહિતની પ્રક્રિયા માટે વિગતો અપડેટ કરવી પડે છે. ઘણીવાર માહિતી ખોટી હોવાના કારણે ચૂકવણી રદ થઈ જાય છે અને ગ્રાહકને માનસિક અને આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે છે. RBIની નવી યોજના મુજબ તમારો વર્તમાન બેંક એકાઉન્ટ નંબર કાયમી બની જશે. જ્યારે તમે બેંક પોર્ટ કરાવશો તો નવી બેંક તમરા જૂના એકાઉન્ટ નંબરને પોતાની સિસ્ટમમાં સામેલ કરી દેશે. રિઝર્વ બેંક એ સુવિધા માટે એક સેન્ટ્રલ પ્લેટફોર્મ તૈયાર કરી રહ્યું છે. તેમાં ગ્રાહકોના તમામ ઓટો-પેમેન્ટ્સ ઓપ્શન, ઈન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ અને બિલ ચૂકવણીની માહિતી સુરક્ષિત રહેશે. જ્યારે તમે બેંક બદલશો તો તમારા એકાઉન્ટ સંબંધી તમામ બાબતો આપોઆપ નવા બેંકમાં ટ્રાન્સફર થઈ જશે. આ સિસ્ટમ લાગુ થયા બાદ બેંકોની મનમાની ખતમ થઈ જશે. જો કોઈ બેંક ગ્રાહકોને સારી સેવા પુરી ન પાડે અને બિનજરૂરી ચાર્જ વલુવે તો ગ્રાહક કોઈપણ ચિંતા કર્યા વગર પોતાનો એકાઉન્ટ અન્ય બેંકમાં પોર્ટ કરાવી શકે છે. આનાથી દેશના બેન્કિંગ સિસ્ટમમાં પારદર્શીતા આવશે અને ડિજિટલ ટ્રાન્જેકશન પણ મજબૂત થશે.

# સોલાર પ્લાન્ટમાંથી વાયરની ચોરી કરનારા ૫ આરોપીઓને ઝડપી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ વિસ્તારમાં સોલાર પ્લાન્ટમાંથી વીજ વાયર ચોરીના ગુનામાં ધ્રોલ પોલીસે સફળ કામગીરી કરી પાંચ આરોપીઓને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી કુલ રૂ.૪,૪૫,૧૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી માહિતી મુજબ, ધ્રોલ-લતીપર રોડ પર પીયાવા ચોકડી પાસે આવેલ સોલાર પ્લાન્ટમાંથી આશરે ૧૨,૦૦૦ મીટર વીજ વાયર (રૂ.૨,૪૦,૦૦૦/-)ની ચોરી થયાની ફરીયાદ નોંધાઈ હતી. આ ગુનો તા.૩૧/૦૩/૨૦૨૬ થી ૦૧/૦૪/૨૦૨૬ દરમિયાન બન્યો હતો.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા જામનગર પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ ધ્રોલ પોલીસે સી.સી.ટી.વી. ના ટેકનિકલ એનાલિસિસ તથા હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. ખાનગી બાતમીના આધારે જામનગર-રાજકોટ હાઈવે પર શંકાસ્પદ બ્લૂ કલરની ટ્રાઈબર કારને રોકી તપાસ કરતાં ૪ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા, તેમજ તપાસ દરમ્યાન ચોરીનો મુદ્દામાલ ખરીદનારને પણ ઝડપવામાં આવ્યો હતો.

ધ્રોળ પોલીસે હુસેન ઉર્ફે લેંઘો અયુબભાઈ મેપાણી, આરિફ ઈશાભાઈ તાયાણી, અસલમ ઈશાભાઈ તાયાણી, આશીફ હારુન મેપાણી, બશીરભાઈ હનીફભાઈ ચૌહાણ વગેરેને પકડી પાડ્યા છે.

## સુરતના કાપડ બજારને 'યુદ્ધ'નો માર!

# ઉત્પાદન કાપ અને વધતી મોંઘવારી, વેપારીઓ સંકટમાં

### એકમોએ તેમના ઉત્પાદન ચક્રને ૨૪ કલાકથી ઘટાડીને ૧૨ કલાક કરી દીધા છે, જેના કારણે એકંદર ઉત્પાદન પર અસર પડી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વધતા ખર્ચની અસર હવે ગુજરાતના કાપડ કેન્દ્ર સુરતમાં પણ જોવા મળી રહી છે. ઘણા એકમોએ તેમના દૈનિક કામકાજના કલાકો ઘટાડી દીધા છે અથવા તેમના સક્રિય ઉત્પાદન દિવસો ઘટાડી દીધા છે. કેટલાક અધિકારીઓએ દાવો કર્યો હતો કે ઉદ્યોગ હાલમાં દરરોજ આશરે રૂ.૧૦૦ કરોડનું નુકસાન ભોગવી રહ્યો છે.

સુરત શહેર ભારતના સૌથી મોટા માનવસર્જિત કાપડ ઉત્પાદન કેન્દ્રોમાંનું એક છે. દક્ષિણ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશને વધતા ખર્ચને નિયંત્રિત કરવા માટે આ એકમોના કાર્યકારી દિવસો અઠવાડિયાના સાત દિવસથી ઘટાડીને પાંચ દિવસ કરવાનો નિર્ણય લીધો છે. એસોસિએશનના પ્રમુખ જીતેન્દ્ર વક્તાણીયાએ જણાવ્યું હતું કે કાચા માલ અને કોલસાના વધતા ભાવને કારણે સુરત અને દક્ષિણ ગુજરાતમાં કાપડ પ્રક્રિયા ઉદ્યોગ સંકટનો સામનો કરી રહ્યો છે. ફેડરેશન ઓફ ગુજરાત વીવર્સ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ અને સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે ઘણા એકમોએ તેમના ઉત્પાદન ચક્રને ૨૪ કલાકથી ઘટાડીને ૧૨ કલાક પ્રતિ દિવસ કર્યા છે. જેના કારણે એકંદર ઉત્પાદન પર અસર પડી છે. તેમણે કહ્યું કે પરિસ્થિતિ અત્યંત મુશ્કેલ બની ગઈ છે, અને ઉદ્યોગને દરરોજ આશરે રૂ.૯૦-૧૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. મજૂરોની અછતને કારણે આ કટોકટી વધુ વકરી રહી છે. ઉદ્યોગના અંદાજ મુજબ કામદારોની સંખ્યામાં ૩૫ ટકાનો ઘટાડો થયો છે. જીરાવાલાએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક અઠવાડિયામાં ૨,૦૦૦ થી વધુ સ્થળાંતરિત કામદારો શહેર છોડીને ગયા છે. અગાઉ રસોઈ ગેસ સિલિન્ડરની અછતને કારણે કામદારોનું સ્થળાંતર થયું હતું, જેના કારણે કામગીરી પર વધુ દબાણ આવ્યું હતું. તેમણે અહેવાલ આપ્યો કે મેન મેઈડ ફાઈબર સહિત આયાતી કાચા માલના ભાવમાં પણ ૩૦-૩૫ ટકાનો વધારો થયો છે. વક્તાનિયાએ જણાવ્યું હતું કે વણાટ, પ્રક્રિયા અને વેપાર – બધા ક્ષેત્રોમાં કામમાં ૨૫-૩૦ ટકાનો ઘટાડો થયો છે. તેમણે ઉમેર્યું હતું કે વર્તમાન મંદી છતાં, આગામી લગ્નની મોસમ માગમાં વધારો કરશે અને આ ક્ષેત્રને થોડી રાહત આપશે તેવી અપેક્ષા છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય પ્રમુખ ચંપાલાલ બોથરાએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય કટોકટી પહેલા, ઉદ્યોગ દરરોજ આશરે ૭૦ મિલિયન મીટર કાપડનું ઉત્પાદન કરતો હતો. પરંતુ હવે ઉત્પાદન લગભગ અડધું થઈ ગયું છે. તેમણે કહ્યું કે સંઘર્ષ ઓછો થયા પછી અને યાર્નના ભાવ અને મજૂરોની ઉપલબ્ધતા જેવા પરિબળો સ્થિર થયા પછી પણ, ઉદ્યોગને સામાન્ય સ્થિતિમાં પાછા ફરવામાં બે થી ત્રણ મહિનાનો સમય લાગી શકે છે.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં સુરતમાં ઉદ્યોગના અગ્રણીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને કામદારો માટે પાંચ કિલોગ્રામના LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો પૂરો પાડવાની ખાતરી આપી હતી.

# આવનારી સુરત મ.ન.પા ની ચૂંટણીમાં દરેક રાજકીય પક્ષોએ ખરડાયેલાઓને ખસેડી યુવાનો સાથે અનુભવીઓને પણ ટિકિટો આપવી જોઈએ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે એમ એમ ભાજપ સહિત અન્ય રાજકીય પાર્ટીઓના કાર્યાલયો પણ ધમધમવા માંડયા છે. અને એમાં ભાજપના કાર્યાલયમાં તો જાણે કે રાફડો ફાટયો હોય એમ એક એક વોર્ડમાં અધધ!! ઉમેદવારો ઉમેદવારી કરવા ઉમટી પડયા છે. ત્યારે અન્ય પક્ષોને ઉમેદવારો શોધવા માટે ફાંફા મારવા પડે એવો ઘાટ હાલમાં ચાલી રહ્યો છે.

ત્યારે પાર્ટી કોઈપણ હોય આપણે જનરલ વાત કરીએ તો એક વાત ચોક્કસ છે કે જે પાર્ટીએ લાંબાગાળાનું શાસન ચલાવ્યું છે. અને એમાં જે ચહેરાઓ બબ્બે ત્રણ-ત્રણ ટર્મથી ચૂંટાઈને આવે છે એમને હવે પાણીચું આપી નવા ચહેરાઓ ને સ્થાન આપવું જોઈએ એ સમયની માંગ છે. અહીં કહેવાનો અર્થ એ છે કે જે લોકો વારંવાર ચૂંટાય છે પરંતુ લાંચ-રૂશ્વત, ખંડણી, છેડતી, બળાત્કાર કે અન્ય કોઈ ગુન્હાઓમા સંડોવાયા હોય કે ના હોય છતાં એમને ફરીથી ટિકિટ ફાળવણી ના કરવી જોઈએ. અર્થાત નો રિપીટેશન ફોર્મ્યુલા અજમાવી જે યુવાનોએ પાર્ટી માટે ૨૦ કે ૩૦ વર્ષો સુધી પાયાના કાર્યકરો તરીકે સક્રિય રીતે કર્યો કરીને પાર્ટીને સત્તાના સિંહાસન સુધી પહોંચાડી હોય એવા અનુભવીઓની સાથે સાથે પાર્ટી સાથે દસ વર્ષ ઉપરાંતથી જોડાઈને પાર્ટી માટે સમયનો ભોગ આપ્યો હોય એવા તરવરિયા નવોદિત યુવાનો જેઓમાં દેશસેવાની ભાવના પ્રબળ હોય એવા યુવા ચહેરાઓને પ્રાધાન્ય આપી પાર્ટીએ યુવા નેતાઓના હાથમાં નેતૃત્વ સોંપી શહેરની સાથે સાથે દેશમાં યોગદાન આપવા માટે પણ ટિકિટોની ફાળવણી કરી યુવાનોને મેદાનમાં ઉતારવા એ જ સમય ની માંગ છે.

### ઉમેદવારોએ ચુંટણી પ્રચાર માટે વાહનોની પરમીટ ફરજીયાત લેવાની રહેશે

# સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ઉમેદવારોએ ફોર્મ ભરતી વખતે ૫ વ્યકિત અને વધુમાં વધુ ૩ વાહનો લઈ જઈ શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય ચુંટણી આયોગ નગરપાલિકા(સામાન્ય / પેટા ) તથા જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી ૨૦૨૬ નો ચુંટણી કાર્યક્રમ ગઈ તારીખ ૧/૪/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં નગરપાલિકાની સામાન્ય / પેટા ચુંટણી તથા જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણીનુ મતદાન આગામી તારીખ ૨૬ એપ્રિલ ૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનુ થાય તો તેની તારીખ ૨૭ એપ્રિલ ૨૦૨૬ તથા મતગણતરી ૨૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ હાથ ધરાનાર છે.

ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનો મોટી સંખ્યામાં લઈ ચુંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચુંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવર કાઉડીંગ ની પરીસ્થિતિ નિવારવી જરૂરી જણાય છે. આથી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ લલીત નારાયણ સિંઘ સાંદુ કેટલાક પ્રતિબંધિત હુકમો ફરમાવ્યા છે. જેમાં (૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચુંટણી અધિકારી / નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર તથા અન્ય ૪ મળી ૫ વ્યકિતઓ જ પ્રવેશી શકશે, માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા વધુ હોય તેઓના કિસ્સામાં પણ અન્ય ૪ અને ત્યારબાદ જરૂર જણાય તો પ્રથમ ગયેલા ૪ વ્યકિતઓ ચુંટણી અધિકારીની ચેમ્બરમાંથી બહાર નિકળી જાય ત્યારબાદ બાકીના ૪ અને તે જ રીતે બાકીના વ્યકિતઓ ચુંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેસી શકશે. આમ કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ૪ થી વધુ સંખ્યામાં ચુંટણી અધિકારી / નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચુંટણી અધિકારી કે નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરી આસપાસ ૧૦૦ મીટર ના વિસ્તારમાં વધુમાં વધુ ૩ વાહનો સાથે પ્રવેશી શકાશે, ૩ થી વધુ વાહનો સાથે કચેરી ના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવુ નહી, (૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જયારે તેઓનુ ઉમેદવારી પત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે. તથા ઉપરોકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારોના ખર્ચમાં ઉધારવાનો રહેશે, સંબંધિત ચુંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યકિતને આ હુકમની નકલ પુરી પાડવી, વધુમાં તારીખ ૧/૪/ ૨૦૨૬ ના રોજ જાહેર થયેલ ચુંટણી પ્રમાણે તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં નગરપાલિકાની સામાન્ય / પેટા ચુંટણી તથા જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણીનુ મતદાન આગામી તારીખ ૨૬ એપ્રિલ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનુ થાય તો તેની તારીખ ૨૭ એપ્રિલ તથા મતગણરી ૨૮ એપ્રિલ ના રોજ હાથ ધરાનાર છે. ચુંટણી પ્રચારના અભિયાન રૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી પોતપોતાના મતવિસ્તારમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પણ દેખરેખ રાખવા અને ઉમેદવારના ચુંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે. ચુંટણી પ્રચારમાં વપરાતા વાહનોની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય છે. જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાની, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભુ થવાની તેમજ સુલેહ શાંતિ ભંગ થવાની સંભાવના રહે છે. આ બાબતો ધ્યાને લેતા મુકત, નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણીના સંચાલન હેતુથી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સાબરકાંઠાએ કેટલાક હુકમો ફરમાવ્યા છે. જેમાં કોઈપણ રાજકીય પક્ષ, વ્યકિત , સંસ્થા, ચુંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચુંટણીના કામે વાહનોનો ઉપયોગ સાબરકાંઠા મા ચુંટણી હેઠળના વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધિત મતદાર વિભાગના ચુંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ , તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્કિન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટ માં વાહન કયા મતદાર વિભાગના કયા વિસ્તારમાં ઉપયોગ માં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચુંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે, ચુંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચુંટણી પ્રચાર માટે કે ચુંટણીના કામે કરી શકાશે નહી. આ નિયંત્રણો યાંત્રીક શકિત થી ચાલતા કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો જેવા કે બસ, મીનીબસ, સ્ટેશન વેગન, ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટેમ્પો, ટ્રેલર સાથેનુ કે તે વિનાનુ ટ્રેકટર , ઓટો રીક્ષા, સ્કુટર, પશુ થી ચાલતા વાહનો વિગેરે તમામ પ્રકારના વાહનોને લાગુ પે છે. આ જાહેરનામુ આગામી તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

# વડોદરા ભાજપમાં ભુકંપ: અલ્પેશ લીંબચીયાની ઘરવાપસીથી વડોદરા ભાજપમાં ભુકંપ સર્જાયો: પૂર્વ મેયર નિલેશ રાઠોડ આરપારના મુડમાં

પ્રતિનિધિ,ગાંધીનગર



વડોદરા શહેર ભાજપમાં છેલ્લા કેટલાક સમયથી ચાલતો આંતરીક અસંતોષ હવે સપાટી પર આવ્યો છે. અઢી વર્ષ અગાઉ શહેરના પૂર્વ મેયર નિલેશ રાઠોડ વિરૂધ્ધ બદનક્ષી ભરી પત્રિકા વહેતી કરનાર અને પક્ષમાંથી સસ્પેન્ડ થયેલા અલ્પેશ લીંબચીયા ને ફરીથી ભાજપમાં લેવાતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે.

પત્રિકા કાંડ ના મુખ્ય સુત્રધાર ગણાતા અલ્પેશ લીંબચીયા ફરી ભાજપમાં જોડાતા પૂર્વ મેયર નિલેશ રાઠોડ અને તેમના સમર્થકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે અલ્પેશ લીંબચીયાએ પત્રિકામાં જે આક્ષેપો કર્યા હતા તે આજદીન સુધી સાબિત થઈ શકયા નથી, પૂર્વ મેયર નિલેશ રાઠોડે આ મામલે આક્રમક વલણ અપનાવતા જણાવ્યુ હતુ કે જે વ્યકિતએ પક્ષના જ મેયર ની જગજાહેર બદનામી કરી હોય, અને તેની આ ગુન્હામાં ધરપકડ પણ થઈ હોય, તેને ફરીથી પક્ષમાં લેવો તે કેટલે અંશે યોગ્ય છે? સાથે બેસીને પીઠ પાછળ ખંજર ભોંકનાર વ્યકિતને પક્ષમાં પરત લાવીને નિષ્ઠાવાન કાર્યકરોનુ અપમાન કરવામાં આવ્યુ છે. આ વિવાદમાં સૌથી મહત્વની બાબત એ છે કે અલ્પેશ લીંબચીયાની ઘરવાપસીના નિર્ણયમાં સ્થાનિક સાંસદ , ધારાસભ્યો કે સંગઠનના હોદ્દેદારો સાથે કોઈપણ પ્રકારનુ સંકલન કરવામાં આવ્યુ નથી, નિલેશ રાઠોડે જણાવ્યુ હતુ કે તેમણે સ્થાનિક સ્તરે રજુઆત કરી હોવા છતાં તેમની વાતને નજરઅંદાજ કરવામાં આવી છે. હવે તેમણે આ મામલે પ્રદેશ કક્ષાના નેતાઓ સુધી પોતાની નારાજગી પહોચાડી છે. નિલેશ રાઠોડે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તેઓ આ અપમાન સહન કરવાના મુડ માં નથી, તેમણે વધુમાં કહ્યુ હતુ કે હું અત્યારે મારા શુભેચ્છકો અને મિત્રો સાથે ચર્ચા કરી રહ્યો છું અને તેઓ જે સુચવશે તે મુજબ આગામી સમયમાં હું મારો નિર્ણય લઈશ, રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે અલ્પેશ લીંબચીયાના એક જગજાહેર ગુરૂ ગણાતા નેતાએ જ આ આખો ખેલ પાડયો છે. પોતાનો ચેલો રાજકારણમાં થી ફેંકાઈ ન જાય તે માટે પડદા પાછળ ગોઠવણ કરીને આ એન્ટ્રી કરાવવામાં આવી હોય તેવુ ચર્ચાઈ રહ્યુ છે. આ ઘટનાક્રમે વડોદરા ભાજપમાં જુથવાદને ફરી બેઠો કર્યો છે. શિસ્તબધ્ધ ગણાતી પાર્ટીમાં આ વિવાદ આગામી દિવસોમાં શું વળાંક લે છે તેના પર સૌની નજર ટકેલી છે.

# અમદાવાદ કોર્પોરેશનને ૧૯૨ બેઠકો માટે ૨૩૬૪ દાવેદારોની ફોજ ઉતરી : ભાજપની ટીકીટ લેવા ઉમેદવારોનો રાફડો ફાટયો

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજય ચુંટણીપંચે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની તારીખો જાહેર કરી દીધી છે. ત્યારબાદ ભાજપ દ્વારા આ સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. રાજયની સૌથી મોટી ગણાતી અમદાવાદ મહાનગરપાલિકામાં ભાજપની ટીકીટ લેવા માટે ઉમેદવારોનો રાફડો ફાટી નિકળ્યો છે. અમદાવાદના ૪૮ વોર્ડ ની ૧૯૨ બેઠકો માટે અમદાવાદ શહેર ભાજપની સેન્સ પ્રક્રિયામાં ઉમેદવારોની જાણે ફોજ ઉતરી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ ૪૮ વોર્ડ ની કુલ ૧૯૨ બેઠકો માટે અંદાજે ૨૩૬૪ દાવેદારોએ પોતાની દાવેદારીની માંગ કરી છે. આ દાવેદારોમાં મહિલા શકિતનુ મોટુ પ્રતિનિધિત્વ જોવા મળ્યુ છે. જેમાં ૧૦૩૪ મહિલા કાર્યકરોએ ટીકીટ માટે દાવેદારી નોંધાવી છે. તેની સામે ૧૩૩૦ પુરુષ કાર્યકર્તાઓએ પણ ઉમેદવારી માટે પોતાની માંગ રજુ કરી છે. વોર્ડ મુજબના આંકડાઓ ઉપર નજર કરીએ તો અમરાઈવાડીમાં ૧૦૦, જયારે નિકોલ વોર્ડ માં સૌથી વધારે ૯૫ દાવેદારો નોંધાયા છે. તો બીજી તરફ મકતમપુર વોર્ડ માં સૌથી ઓછા માત્ર ૧૬ દાવેદારો જોવા મળ્યા છે. મળતી માહિતી અનુસાર જો કે ૭ અલગ અલગ સ્થળોએ ચાલેલી આ કામગીરીમાં કાર્યકરોનો ભારે ઘસારો જોવા મળ્યો છે. સૌથી વધુ ખેંચતાણ અમરાઈવાડીમાં જોવા મળી રહી છે. જયાં ૧૦૦ થી વધુ કાર્યકરોએ દાવેદારી નોંધાવી છે. આ તરફ પશ્ચિમ વિસ્તારમાં ચાંદખેડામાં ૮૦ અને સરખેજ માં ૭૯ બાયોડેટા જમા થયા છે. સાબરમતી, શાહપુર અને નરોડા જેવા વોર્ડમાં સરેરાશ ૫૦ થી વધુ દાવેદારો મેદાનમાં ઉતર્યા છે. પાલડીમાં ૪૭ કાર્યકરોએ ટીકીટ ની માંગણી કરી છે. જયારે નવરંગપુરા, વેજલપુર અને જોધપુર જેવા વિસ્તારોમાં ૩૫ થી ૫૦ જેટલા ઉમેદવારોએ ટીકીટની માંગણી કરી છે. આમ અમદાવાદ મહાનગરપાલિકા માટે ચુંટણી માટે જાણે દાવેદારી માટે ભાજપના કાર્યકરો નો રાફડો ફાટયો હોય તેવુ લાગી રહ્યુ છે. ત્યારે ભાજપ આ સેંકડો દાવેદારોમાંથી મહાનગરપાલિકાની ૪૮ વોર્ડ માટે ૧૯૨ ઉમેદવારો તરીકે કોને તક આપે છે તે હવે જોવુ રહ્યું.

### સાચા સાધુ સંતો જંગલોમાં અને ગુફાઓમા રહે છે ત્યારે

# આજના આધુનિક એવા કહેવાતા ઢોંગી બાબાઓ અને સંતો ભૌતિક સુખ સાધનોથી સાહ્યબી ભોગવી રહ્યા છે

### જે બાબાઓ પોતાનું ભવિષ્ય નથી જોઈ શકતા એવા કહેવાતા સંતો અને બાબાઓ અન્યનું ભવિષ્ય શું જોઈ શકવાના છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતમાં ધર્મના નામે અધર્મનું આચરણ કરી ફેલાવાતી અંધશ્રધ્ધાનો ભોગ મોટા ભાગે મહિલાઓ જ બની રહી છે. એક બાજુ આપણે સનાતન ધર્મની વાત કરીએ અને બીજી બાજુ એજ ધર્મને કલંકિત કરતાં બાબાઓ જેવાકે બાગેશ્વર ધામ ના ધિરેન્દ્ર શાસ્ત્રીના ગુરુ રામભદ્રાચાર્ચ મહારાજે મહિલાઓ વિશે અભદ્ર ટિપ્પણીઓ કરી છે. એવા માં રામરહિમ જેવાએ તો મહિલાઓ સાથે ઐયાશીઓ કરી કેટલીય મહિલાઓના જીવન બરબાદ કરેલ છે. અને પત્રકારના મોત માટે જેલના સળિયા પણ ગણતા થઈ ગયા છે.

એવા આપણા દેશમાં આવા બાબાઓ બાપુઓની દુકાનો આટલી બધી કેમ જોરમાં ચાલે છે? તો એની પાછળનું કારણ છે આપણાં ખંધા ખેલાડીઓ અને કાચંડાની માફક રંગ બદલતા રાજકીય કાચીંડા જેવા રાજકારણીઓ ની છત્રછાયા. આ રાજકારણીઓના પીઠબળને કારણે સરકારી ગૌચરની જમીનો મફતના ભાવે બાબાઓ અને બાપુઓને મળતા જ એમના ચેલા ચપાટાઓના માધ્યમથી આલીશાન A.C આશ્રમો ઊભા કરાય છે. ને પછી એમાં ખેલાય છે મહિલાઓ સાથેના ઐયાશીના ખેલ. આવા બની બેઠેલા બાબાઓ પછી ભૌતિક સુખ સંપત્તિના સાધનો જેવાકે લકઝરિયસ કારો ના કાફલો, ચાર્ટડ પ્લેન, બ્રાન્ડેડ ટીવી, બ્રાન્ડેડ મોબાઈલ જેવા તમામ સંસારી સુવિધાઓમાં ગળાડૂબ થઈ સનાતન ધર્મના નામે અંધશ્રધ્ધા ફેલાવી સમાજનું આર્થિક અને શારીરિક રીતે શોષણ કરી લીલા લહેર કરે છે. ધર્મના ઉચ્ચ હોદ્દા ઉપર બેઠેલા રામભદ્રાચાર્યજીએ મહિલાઓ વિશે કહેલું કે મહિલાઓ મનોરંજનનું સાધન છે. આવી અભદ્ર પ્રકારની ટિપ્પણી એક કહેવાતા ગુરુના મુખેથી નીકળે એ સનાતન ધર્મ માટે કેટલું શરમ જનક કહેવાય? આવા શંકરાચાર્યજી ના નિવેદનોથી મહિલાઓના માન અને આત્મસન્માન ઉપર કેટલી ઊંડી અસર પડે છે? એ આવા નિમ્નકક્ષાની હલકી ટિપ્પણી કરનારાઓ ક્યારે સમજશે?

આ લખનાર બાગેશ્વર ધામના ધિરેન્દ્ર શાસ્ત્રીને ખુલ્લી ચેલેન્જ આપતા જણાવે છે કે જો તમે ભૂત, ભવિષ્ય અને વર્તમાન જોઈ શકતા હોય તો ભવિષ્ય જોઈ શકનારા ને સૌથી મોટો સવાલ એ છે કે જ્યારે એમના શિષ્યો ધ્વારા મોટા-મોટા ડોમ બાંધીને એમાં કરાતી કથા પ્રવચનોમા આવતી લાખોની ભીડ ભેગી થતાં તેઓનું ભવિષ્ય જાણી લીધું હોત તો આવા નિર્દોષ લોકોના ભાગ-દોડમા મરણ ના થયેલ હોત. મારા માત્ર ત્રણ સવાલોના સચોટ જવાબો આપો. સાથે ધિરેન્દ્ર શાસ્ત્રી જેવા અનેક ભવિષ્ય જોનારાને પણ ચેલેન્જ છે કે હું મારા ધ્વારા ત્રણ સાવલો પૂછવા માંગુ છું અને તેનો તમે સચોટ જવાબ આપશો તો હું મારો ઘર,પરિવાર અને સંસાર છોડી જીવનભર તમારા આશ્રમમાં સેવા આપીશ આ મારૂ વચન છે. અને મારુ ખુલ્લુ આમંત્રણ છે. આ મારો મોબાઈલ નંબર ૯૯૨૫૦૪૧૧૪૫ છે. જો તમે મારા ધ્વારા પૂછવામાં આવેલા સવાલોના જવાબો આપવામાં સક્ષમ ના હોય તો પછી તમારા આ બાબાપણાનો વેશ ઉતારી A. C આશ્રમો બંધ કરી, મોટી મોટી લકઝરીયસ ગાડીઓ, હેલીકોપ્ટર અને ચાર્ટડ પ્લેનનો ત્યાગ કરીને ભૌતિક સુખ સંપત્તિનો પણ ત્યાગ કરી સામાન્ય માનવી બની જવું પડશે.

એક બાજુ જ્યારે તમે ભૂત, ભવિષ્ય અને વર્તમાન જોવાની વાતો કરો છો. ત્યારે તમે એ કેમ નથી જોઈ શકતા કે તમારી ઉપર કોણ ક્યારે હુમલા કરવાનું છે? તમારું મૃત્યુ ક્યારે છે? વિગેરે જો તમે જાણતા જ હોય તો સરકારી ખર્ચે અથવા પ્રાઈવેટ સિક્યુરિટી ગાર્ડો અને બાઉન્સરો રાખવાની શું જરૂર છે? જો તમે તમારુ જ ભવિષ્ય નથી જોઈ શકતા તો સામાન્ય માનવીનું તો ભવિષ્ય તમે શું જોઈ શકશો?

આવા બાબાઓ ચાંદીની ખુરશી અને ચાંદીના સિંહાસનો પર બિરાજમાન થઈને જે ભૌતિક સુખ સાહ્યબી ભોગવે છે. ત્યારે યાદ આવે છે બાબા રામ-રહિમ ,આશારામ, અને નારાયણ સાંઈ કે જેણે મહિલાઓ સાથે ઐયાશી કરી છે અને જેલની સજા પામેલા છે. અને આવા લંપટ બાબાઓ ને વારે વારે પેરોલ મળતા સરકાર ઉપર પણ સવાલો પેદા થાય એ સ્વાભાવિક છે. આવા કરતાં ઐયાશી બાબા જે ગુન્હેગાર છે. એની ઉપર વારે વારે સરકાર કેમ રહેમનજર રાખે છે? એ પણ વિચારવા જેવો સવાલ છે. આ પ્રકારના આક્ષેપો સ્વામીનારાયણ ના સાધુઓ પર પણ ભૂતકાળમાં લાગેલા છે. ત્યારે આવા રામરહિમ, ધિરેન્દ્ર શાસ્ત્રી અને અન્ય ભવિષ્ય જોનારા સાધુ ઢોંગી બાબાઓ એ કોઈ પાઈ પૈસાનું રોકાણ કર્યું હોતું નથી કે કરવાનું હોતું નથી.

જે રીતે રાજકારણીઓ ને કોઈ ધંધો કરવો હોય તો ગજવાના ક્યાં કાઢવાના હોય છે? એમ આ બની બેઠેલા સનાતની બાબાઓને પણ અનેક શિષ્યો મળી જતાં હોય છે. ત્યારે આવા ઢોંગીઓથી પ્રજાએ દૂર રહેવું જોઈએ અને ખાસ કરી મહિલાઓએ પોતે અને પોતાના પરિવારની માં-બહેન-દીકરીઓને પણ દૂર રાખી સનાતન ધર્મના નામે પાખંડ ફેલાવનારાઓની મોહજાળમાં ફસાવું જોઈએ નહીં.

આવા ઢોંગી બાબાઓને કારણે સનાતન હિન્દુ ધર્મ દિવસેને દિવસે કલંકિત થઈ રહ્યો છે. ત્યારે આપણે પણ સાચા સનાતની બનીને આવા ઢોંગી બાબાઓ અને એમને સુખ, સુવિધા આપતા રાજકારણીઓને ખુલ્લા પાડીશું તો એ જ સાચા સનાતાન ધર્મનો મર્મ હશે. છેલ્લે હવે વાત કરીએ ગુરુપુર્ણિમા અને જન્મ દિવસની ત્યારે ગુરુપુર્ણિમાના દિવસે ભગવાધારીઓના દર્શને આવતા સફેદ બગલાની પાંખ જેવા મોટા મોટા રાજકારણીઓ, શિષ્યો વિગેરે ધ્વારા અપાતી મોંધી દાટ ભેટ સોગાદો અને રોકડ રકમથી વસ્ત્રદાન જેવા દાનથી ઢોંગી ગુરુઓ, બાબાઓનું પૂજન કરવામાં આવે છે.

એ જ રીતે રાજકારણીઓના જન્મદિવસે એમના જ કહેવાતા સમર્થકો ધ્વારા મોટી મોટી મોંધી ભેટ સોગાદો આપી રાજકીય નેતાઓની ગુડબુકમાં નંબર વન રહેવા પણ હોડ લાગતી હોય છે. આમ ભગવાધારીઓ અને સ્વેત વસ્ત્રધારીઓને કોઈપણ પ્રકારનું રોકાણ કર્યા વગર રોકડ રકમો અને ભેટ સોગાદો મળતી હોય છે. જ્યારે સામાન્ય વેપારી પછી એ નાના હોય કે મોટો એને ઘરની મૂડી લગાવી કે ઉધાર, સુધાર કે બેક્ર લોન લઈને ધંધો કરવો પડતો હોય છે. એક વર્ગ વગર મૂડીએ માલમાલ ને બીજો કાળી મહેનત કરવા છતાં ઠેર ના ઠેર આ કડવી વાસ્તવિકતાનો નમૂનો.

# રાજકોટમાં કોંગ્રેસે ૧૫ થી વધુ ઉમેદવારોના નામ જાહેર કર્યા: રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબા જાડેજા ને આપી ટીકીટ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે કોંગ્રેસનુ કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે. કોંગ્રેસે પોતાના ઉમેદવારોના ૧૫ થી વધુ નામો જાહેર કર્યા છે. કોંગ્રેસ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા માટે ૧૫ થી વધુ ઉમેદવારોની જાહેરાત કરી છે. તમામ ઉમેદવારોને ફોન કરીને ટીકીટ માટે અપાયાની જાણ કરાઈ છે. ત્યારે કોંગ્રેસે ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની બહેન નયનાબા જાડેજાને ટીકીટ આપી ચુંટણીના જંગમાં ઉતાર્યા છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ નયનાબાને કોંગ્રેસ રીવાબા જાડેજા સામે વિધાનસભાની ચુંટણીમાં મેદાનમાં ઉતાર્યા હતા. જેમાં નયનાબાની હાર થઈ હતી, હવે નયનાબા કોર્પોરેટરની ચુંટણી લડશે, રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીને લઈ કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે.

કોંગ્રેસ દ્વારા આજે શનિવારે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ હતી. તે અગાઉ કોંગ્રેસમાં ઉમેદવારોના નામને અંતિમ મહોર મારી દેવામાં આવી હતી, તો બીજી તરફ ૨૦ થી વધુ કોંગ્રેસના ઉમેદવારોને ટેલીફોનીક જાણ કરવામાં આવી હતી. કોંગ્રેસ અનુભવી અને જુના જોગીઓને મેદાને ઉતારવાનુ નકકી કરી લીધુ છે. ચુંટણી જંગમાં ઉતારવામાં આવેલા કોંગ્રેસના ઉમેદવારોમાં (૧) રમેશ જુંજા (૨) નયનાબા જાડેજા (૩) અતુલ રાજાણી ગાયત્રીબા વાઘેલા (૪) ઠાકરશી ગજેરા (૫) શૈલેષ સાકરીયા (૬) રાખોલીયા ભગત અને રણજીત મુંધવા (૭) ગીરીશ ઘરસણીયા (૮) ગોહિલ મહિલા (૯) કેતન તાળા (૧૦) સંજય અજુડીયા (૧૧) કમલેશ કોઠીવાલા (૧૨) જાગૃતિ ડાંગર (૧૩) રાજુ ચાવડીયા (૧૪) વશરામ સાગઠીયા (૧૫) મકબુલ દાવદાણી (૧૬) સુરેશ ગેરૈયા (૧૭) રસીક ભટ્ટ (૧૮) નિલેશ મારૂ સહિતના ઉમેદવારોને ચુંટણીના જંગમાં ઉતાર્યા છે. રાજકોટ વોર્ડ નં. ૧૫ ને લઈને કોંગ્રેસમાં આંતરીક ખેંચતાણ જોવા મળી રહી છે. પૂર્વ કોર્પોરેટર ભાનુ સોરાણી અને તેના પતિ પ્રવિણ સોરાણી ની દાવેદારીને લઈને ભારે ખેંચતાણ ચાલી રહી છે. પ્રવિણ સોરાણી ભાજપ સાથે બેઠક કરી હોવાનો દાવો કરાઈ રહ્યો છે. તેના જ વોર્ડ માં તેની ટીકીટ કાપવા મથામણ ચાલી રહી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં આચારસંહિતાના અમલીકરણ માટે ફલાઈંગ સ્કવોડ ની રચના કરવા માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, સીનીયર કોંગ્રેસ અગ્રણી પૂર્વ પ્રવકતા કોંગ્રેસ સમિતિ ગજેન્દ્રસિંહ ઝાલા, સીનીયર કોંગ્રેસ અગ્રણી પૂર્વ ઉપપ્રમુખ પટેલ નાગજીભાઈ વિરાણીની સંયુકત યાદી જણાવે છે કે ગુજરાત રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી ૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ જાહેર થઈ ચુકી છે. તારીખ ૨૬ એપ્રિલે મતદાન થવાનુ છે અને રાજયમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત , ૨૬૦ તાલુકા પંચાયતોની ચુંટણીઓ કરવામાં આવશે. જેને પગલે રાજયભરમાં ચુંટણીની તારીખ જાહેર થતા જ દરેક રાજકીય પક્ષોએ આચારસંહિતાનો અમલવારી કરવાની થાય છે. પરંતુ સત્તાધારી પક્ષ દ્વારા ચુંટણી આચારસંહિતાનો અમલ કરાવવામાં ભાજપની હજુરીયાગીરી કરનારા અધિકારીઓ દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવતા હોય છે. સત્તાધારી પક્ષના આદેશથી સત્તાધીશોની સીધી દોરવણી હેઠળ અધિકારીઓ કામ કરતા હોવાના પગલે આચારસંહિતાનો ભંગ થતો હોય ત્યારે ફરીયાદો કરવા છતાં તેનો સમયમર્યાદામાં પાલન કરવામાં આવતુ નથી, આચારસંહિતા નો ભંગ થતો હોય તેવી ફરીયાદોનો ઉલાળીયો પણ કરવામાં આવે છે, તાજેતરમાં રાજયની ચુંટણીના પગલે આચારસંહિતા લાગુ થયેલ હોવા છતાં રાજકોટ શહેર અને જિલ્લામાં વડાપ્રધાન અને મુખ્યમંત્રીના તસવીરો સાથેના બેનરો આજની તારીખે હટાવવામાં તંત્ર દ્વારા ગલ્લાતલ્લા કરવામાં આવે છે, આગામી દિવસોમાં રાજયભરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં માહોલ ગરમાવાનો છે ત્યારે ભાજપના ઉમેદવારો દ્વારા ચુંટણી સમયે અને ચુંટણીના આગલા દિવસોમાં આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ થતો હોય છે. જે અગાઉની ચુંટણીઓમાં પણ થયેલો છે. આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ કરનારા ઉમેદવારો અને સત્તાધારી પક્ષ ને કાબુમાં રાખવા માટે સમગ્ર સૌરાષ્ટ્ર / કચ્છ માં એક ચુંટણીની આચારસંહિતાને ધ્યાનમાં લઈને સીનીયર કોંગ્રેસના આગેવાનો, એડવોકેટો, જાંબાજ અને ધમકીઓથી ડરે નહી તેવા આગેવાનોની એક ફલાઈંગ સ્કવોડની રચના કરવામાં આવે અને તેનુ સંચાલન સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ થી કરવામાં આવે તેવી લેખિત રજુઆત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાને કરવામાં આવી છે.